dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS





ત્રીજુ નોરતુ

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 13 । AD - 2026, Aso Sud-03 । Tuesday, Dt. 13-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશના નાગરિકોના લોકશાહી ઢબે પ્રદર્શન અને વિરોધ કરવાનો અધિકાર જળવાઈ રહે તે બાબતને ધ્યાનમાં રાખીને

દિલ્હીમાં હવે જંતર-મંતર પર નહીં થાય વિરોધ પ્રદર્શનો : ત્રણ નવા સ્થળો નક્કી કરાયા

દિલ્હી,તા.૧૨

દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો અને ધરણા કાર્યક્રમો માટેના સ્થળો અંગે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નવા સત્તાવાર આદેશ અનુસાર, હવેથી ઐતિહાસિક અને પ્રમુખ વિરોધ સ્થળ તરીકે ઓળખાતા જંતર-મંતર પર કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન કે આંદોલન કરવાની માન્યતા રદ કરવામાં આવી છે. દેશની રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો યોજવા માટે આ નિર્ણય એક મોટો ફેરફાર માનવામાં આવી રહ્યો છે. દિલ્હી પોલીસના નવા નિર્દેશો મુજબ, જંતર-મંતરના બદલે હવે પ્રદર્શનકારો માટે ત્રણ નવા વૈકલ્પિક સ્થળો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અને પૂર્વ દિલ્હીનું સીબીડી ગ્રાઉન્ડ શામેલ છે.

આ અંગેની સત્તાવાર માહિતી દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર દ્વારા જારી કરવામાં આવેલા સ્ટેન્ડિંગ ઓર્ડર નંબર એલએન્ડઓ/૪૮/૨૦૨૬ માં વિગતવાર આપવામાં આવી છે. આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશના નાગરિકોના લોકશાહી ઢબે પ્રદર્શન અને વિરોધ કરવાનો અધિકાર જળવાઈ રહે તે બાબતને ધ્યાનમાં રાખીને એક ખાસ સમિતિની રચના કરી હતી. આ સમિતિને હાલના નિયુક્ત પ્રદર્શન સ્થળોના યોગ્ય વિકલ્પો શોધવાની અને સર્વગ્રાહી સમીક્ષા કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ સમિતિ દ્વારા આપવામાં આવેલી ભલામણો અને અહેવાલના આધારે જંતર-મંતરને માન્ય વિરોધ સ્થળોની યાદીમાંથી દૂર કરવાનો આખરી નિર્ણય લેવાયો છે.



દિલ્હી પોલીસ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ત્રણેય નવા નિયુક્ત સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજવા માટેની વિગતવાર અને સુધારેલી માનક સંચાલન પ્રક્રિયા એટલે કે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (એસઓપી) અલગથી જારી કરવામાં આવશે. આનો અર્થ એ થાય છે કે પ્રદર્શન કરવા માટેની જરૂરી પરવાનગી મેળવવાની પધ્ધતિ, શરતો અને અન્ય સંબંધિત માર્ગદર્શિકા વિશેની સંપૂર્ણ માહિતી આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. વર્તમાન આદેશ માત્ર સ્થળોના ફેરફાર અંગેનો છે અને તેમાં નવી પ્રક્રિયાઓની વિગતો શામેલ નથી, તેથી આયોજકો માટે આ શરતો અને નિયમોની સ્પષ્ટતા અલગ આદેશ બહાર પડ્યા પછી જ ઉપલબ્ધ બનશે.

ઉલ્લેખનીય છે કે આ નવો નિર્દેશ ૨૮ એપ્રિલ ૨૨ ના રોજ જારી કરાયેલા અગાઉના સ્ટેન્ડિંગ ઓર્ડરમાં આંશિક સુધારો કરે છે. અગાઉના નિયમોમાં ફેરફાર કરીને જંતર-મંતરનું નામ યાદીમાંથી હટાવી દેવાયું છે અને તેની જગ્યાએ નવા ત્રણ સ્થળોનો સમાવેશ કરાયો છે.

દિલ્હીમાં આવેલું જંતર-મંતર વર્ષોથી દેશભરમાં થતા નાના-મોટા વિરોધ પ્રદર્શનો, ધરણાં અને જાહેર આંદોલનોનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. કનોટ પ્લેસ અને સંસદ માર્ગ નજીક સ્થિત હોવાને કારણે રાજકીય પક્ષો, સામાજિક સંગઠનો, કર્મચારી મંડળો અને વિદ્યાર્થીઓ પોતાના અવાજને સરકાર સુધી પહોંચાડવા માટે અહીં એકઠા થતા હતા. કેન્દ્ર સરકારની મુખ્ય સંસ્થાઓ અને સંસદ ભવનની નજીક હોવાને લીધે અહીં થતા પ્રદર્શનો તુરંત જ રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બનતા હતા. જોકે હવે દિલ્હી પોલીસના નવા નિર્ણય બાદ નક્કી કરાયેલા નવા ત્રણેય સ્થળો દિલ્હીના મધ્ય વિસ્તારથી દૂર આવેલા છે, જેના કારણે ભવિષ્યના વિરોધ પ્રદર્શનોનું સ્વરૂપ અને સ્થાન સંપૂર્ણપણે બદલાઈ જશે.

અર્થતંત્ર માટે ગંભીર ચેતવણી : ફુગાવાનો ૬૨૬ થી ૭ ટકા સુધી પહોંચવાની શક્યતા

નવી દિલ્હી,તા.૧૨

સિસ્ટમેટિક્સના તાજેતરના અહેવાલમાં ભારતીય અર્થતંત્ર માટે ગંભીર ચેતવણી જારી કરવામાં આવી છે. અહેવાલ અનુસાર, ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ફુગાવાના જોખમોને ઓછો અંદાજી રહી છે અને આવનારા ક્વાર્ટરમાં ફુગાવો ૬ થી ૭ ટકા સુધી પહોંચી શકે છે. આ વધારાને નિયંત્રિત કરવા માટે કેન્દ્રીય બેંકે વ્યાજ દરોમાં વધુ વધારો કરવો પડે તેવી શક્યતા છે.



અહેવાલમાં જણાવ્યા મુજબ, વધતા ઈનપુટ ખર્ચ અને ઘરગથ્થુ ફુગાવાની ઊંચી અપેક્ષાઓ સમગ્ર અર્થતંત્રમાં વ્યાપક ભાવદબાણ ઊભું કરી રહી છે. ઉત્પાદક ક્ષેત્રની બિન-નાણાકીય કંપનીઓ માટે ઈનપુટ ખર્ચ વાર્ષિક ધોરણે લગભગ ૪૦ ટકા વધ્યો છે, જ્યારે ફૂડ ઓઈલના ભાવમાં ૪૫ ટકાનો ઉછાળો નોંધાયો છે. પરિણામે, કંપનીઓના ગ્રોસ માર્જિનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને તેઓ વધેલા ખર્ચનો પૂરો બોજ ગ્રાહકો પર નાખી શકી નથી.

આરબીઆઈ દ્વારા રેપો રેટમાં કરાયેલો ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો પૂરતો ન સાબિત થાય તેવી સંભાવના છે. વાસ્તવિક વ્યાજ દરને સંતુલિત કરવા માટે રેપો રેટ વધારીને ૬.૫ થી ૭ ટકા કરવો પડી શકે છે. બીજી તરફ, સતત ફુગાવાનું દબાણ અને મોંઘું ધિરાણ શેરબજારના મૂલ્યાંકન તેમજ કોર્પોરેટ કમાણી પર નકારાત્મક અસર કરશે. ફુગાવાની અપેક્ષાઓ વધતાં ૧૦ વર્ષના સરકારી બોન્ડની યીલ્ડ ૭.૫ ટકાથી ઉપર જવાની શક્યતા છે, જે નાણાકીય બજારો માટે મોટો પડકાર બની શકે છે.

ભારતમાં જાપાન દ્વારા ૫.૭૧ બિલિયન ડોલરનું વિક્રમી વિદેશી રોકાણ, કુલ ઈક્વિટી રોકાણમાં ૨૯ ટકા હિસ્સો

નવી દિલ્હી,તા.૧૨

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) જાપાન ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) માટે સૌથી મોટા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. સરકારી આંકડા અનુસાર, આ સમયગાળા દરમિયાન જાપાને ભારતમાં ૫.૭૧ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે, જે ભારતને મળેલા કુલ ૧૯.૮૧ બિલિયન ડોલરના ઈક્વિટી રોકાણના આશરે ૨૯ ટકા જેટલું થાય છે. આ પ્રગતિ દર્શાવે છે કે જાપાની રોકાણકારોનો ભારતીય અર્થતંત્ર પરનો વિશ્વાસ સતત મજબૂત થઈ રહ્યો છે.



વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે જાપાની કંપનીઓએ એક દાયકામાં ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન (આશરે ૬ લાખ કરોડ રૂપિયા)ના રોકાણની પ્રતિબધ્ધતા દર્શાવી હતી, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું વિશાળ રોકાણ થઈ ચૂક્યું છે.

નિષ્ણાતોના મતે, વૈશ્વિક ભૂરાજકીય તણાવ, ચીન પરથી નિર્ભરતા ઘટાડવાની વ્યૂહરચના અને વધતા શ્રમ ખર્ચને કારણે જાપાનીઝ કંપનીઓ પોતાની સપ્લાય ચેઈનનું વૈવિધ્યીકરણ કરી રહી છે. ભારતમાં ઉત્પાદન, નાણાકીય સેવાઓ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં રહેલી લાંબા ગાળાની તકોને ધ્યાનમાં રાખીને જાપાની સંસ્થાકીય રોકાણકારો હવે વધુ સક્રિય બની રહ્યા છે, જે બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે.





સુપ્રીમ કોર્ટના દરવાજા દરેક નાગરિક માટે ખુલ્લા છે: સીજેઆઈ સૂર્યકાંત

નવી દિલ્હી,તા.૧૨

મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતે લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીને ન મળી શકવાના કારણો અંગે સ્પષ્ટતા કરી છે.

તેમણે જણાવ્યું કે બેઠકની વિનંતી કરતો પત્ર મળ્યા બાદ અસમર્થતા દર્શાવતો જવાબ મોકલી દેવાયો હતો. સીજેઆઈએ ભારપૂર્વક કહ્યું કે કોર્ટના દરવાજા દરેક નાગરિક માટે ખુલ્લા છે, પરંતુ હિતોના સંઘર્ષની પરિસ્થિતિ ટાળવી અત્યંત જરૂરી છે.







અમરેલી જિલ્લાના બસ સ્ટેશનો ખાતે ગ્રામહાટનો પ્રારંભ

અમરેલી,તા.૧૨

ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા અને સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને વેચાણ માટે યોગ્ય બજાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી અમરેલી જિલ્લાના સાવરકુંડલા, ધારી, લાઠી, અને બાબરા બસ સ્ટેશન ખાતે ગ્રામહાટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એન.આર.એલ.એમ.) યોજના અંતર્ગત ગ્રામ વિકાસ વિભાગ, રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સહયોગથી આ સુવિધા ઉભી કરવામાં આવી છે.સાવરકુંડલા બસ સ્ટેશન ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાના હસ્તે ગ્રામહાટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન મહીડા, બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયતના સભ્ય પ્રતાપભાઈ ખુમાણ, જીવનભાઈ વેકરીયા, રાજુભાઈ નાગ્રેચા, મેહુલભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ સાવજ, અગ્રણી રજનીભાઈ ડોબરીયા અને અનિરૂદ્ધસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ધારી બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય જે.વી. કાકડિયા અને



જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગતના હસ્તે ગ્રામહાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ સાવલિયા, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કક્ષાએથી ડી.એલ. એમ. છાયાબેન ટાંક, એસ.ટી. નિગમના વિભાગીય નિયામક, અગ્રણી મૃગેશભાઈ કોટડીયા, મુકેશભાઈ રૂપારેલિયા, ચંદ્રેશભાઈ વાળા, તાલુકા પંચાયતના કર્મચારીઓ અને સખીમંડળોની બહેનો હાજર રહ્યા હતા. લાઠી બસ સ્ટેશન ખાતે તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યોની ઉપસ્થિતિમાં ગ્રામહાટનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી, તાલુકા લાઈવલીહૂડ હબ મેનેજર, તાલુકા પંચાયતનો સ્ટાફ અને સખી મંડળોની બહેનો ઉપસ્થિત રહી હતી. બાબરા બસ સ્ટેશન ખાતે પણ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સ્થાનિક અગ્રણીઓના હસ્તે ગ્રામહાટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પહેલથી સ્વસહાય જૂથોની બહેનો દ્વારા ઉત્પાદિત હસ્તકલાની વસ્તુઓ, ઘરવપરાશની ચીજવસ્તુઓ અને સ્થાનિક ઉત્પાદનોને વેચાણ માટે યોગ્ય સ્થળ મળશે. બસ સ્ટેશન જેવા જાહેર સ્થળે ગ્રાહકો સુધી પહોંચવાની તક મળતા મહિલાઓની આવકમાં વધારો થવાની સાથે સ્વરોજગારી અને આત્મનિર્ભરતાને પણ પ્રોત્સાહન મળશે. ગ્રામહાટ ગ્રામ્ય મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

ખાંભામાં સિંહોના આંટાફેરાથી ભયનો માહોલને લઈ જિલ્લા પંચાયત સદસ્યએ વનમંત્રીને કરી રજૂઆત

ખાંભા,તા.૧૨

અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદભાઈ જે. ચાવડાએ વનમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પત્ર પાઠવી ખાંભા ગામે સિંહોના ટોળાના આંટાફેરાથી સર્જાયેલા ભયના માહોલ અંગે ત્વરિત પગલાં લેવા રજૂઆત કરી છે. ખાંભાના આશ્રમપરા, જીનવાડી અને મિતિયાળા રોડ વિસ્તારમાં સિંહો અવારનવાર પશુઓનું મારણ કરતા હોવાથી તેમને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવાની માંગ કરાઈ છે. રહેણાંક વિસ્તારોમાં સિંહો આવી ચડતા લોકોએ રાત્રે બહાર નીકળવાનું બંધ કરી દીધું છે. હાલ નવરાત્રી અને ખેતીની સીઝન હોવાથી લોકોને બહાર જવું પડે છે, જેથી માનવ હુમલાની ભીતિ સેવાઈ રહી છે. તાજેતરમાં નજીકના ગામમાં સિંહે બાળક પર હુમલો કરી ફાડી ખાવાનો બનાવ બન્યો હોવાથી ભય વધુ વકર્યો છે. આ ગંભીર બાબતે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જે.વી. કાકડિયા અને જિલ્લા પંચાયત પ્રમુખ અતુલભાઈ કાનાણીને પણ રજૂઆત કરવામાં આવી છે.

રહેણાંક વિસ્તારોમાં પશુઓના મારણ વધતા અને નવરાત્રી તેમજ ખેતીની સીઝન વચ્ચે માનવ હુમલાની દહેશતથી સિંહોને અન્યત્ર ખસેડવા માંગ

હીરાભાઈ સોલંકીના હસ્તે જાફરાબાદમાં સ્વદેશી મેળા-૨૦૨૬નો પ્રારંભ કરાયો

જાફરાબાદ,તા.૧૨

જાફરાબાદ નગરપાલિકા દ્વારા હરકોર બાગ, જીએચસીએલ સામે, ઊના રોડ ખાતે સ્વદેશી મેળા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ મેળાને ખુલ્લો મૂક્યો હતો. આ મેળાનો મુખ્ય હેતુ વોકલ ફોર લોકલના સંદેશ સાથે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે. મેળામાં કારીગરો, સ્વસહાય જૂથો અને બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ સ્વદેશી ચીજવસ્તુઓના પ્રદર્શન અને વેચાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ લોકોને સ્વદેશી વસ્તુઓ અપનાવવા અને સ્થાનિક ઉદ્યોગો તથા વેપારીઓને મજબૂત બનાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, સ્વદેશી વસ્તુઓના ઉપયોગથી રોજગારીની તકો વધશે અને નાના ઉત્પાદકો આર્થિક રીતે સક્ષમ બનશે. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રવિનાબેન પ્રફુલભાઈ બારૈયા, ઉપપ્રમુખ નિર્ભયભાઈ ઠાકર, ચેરમેન કનૈયાલાલ સોલંકી, ચીફ ઓફિસર ભાવનાબેન ગૌસ્વામી સહિત આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : બાબુભાઈ વાદેળ

ધારી હેમરાજીયા નદીમાં પગ લપસતાં બાળકીનું ડૂબી જવાથી મોત

ધારી,તા.૧૨

ધારી ખાતે આવેલી હેમરાજીયા નદીમાં પગ લપસી જતાં ૧૩ વર્ષીય બાળકીનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, અંજલિ અજયભાઈ ચીખલીયા નદી કાંઠે ચાલીને જઈ રહી હતી, ત્યારે અચાનક તેનો પગ લપસી ગયો અને તે પાણીમાં ડૂબી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બાળકીને બહાર કાઢી હતી, પરંતુ તેનું મોત થઈ ચૂક્યું હતું. સ્થાનિકો દ્વારા બાળકીના મૃતદેહને ધારીની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાથી પરિવાર અને વિસ્તારમાં શોકનું મોજું ફેલાયું છે.



તસવીર : સંજય વાળા

ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં સુવર્ણ પદક મેળવ્યું

બીલીમોરામાં યોજાયેલી અંડર-૧૯ ભાઈઓની સ્પર્ધામાં અમરેલીની ડીએલએસએસ ટીમે સફળતા મેળવી, વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા

અમરેલી,તા.૧૨

અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની ડીએલએસએસ હેન્ડબોલ ટીમે રાજ્યકક્ષાની સ્પર્ધામાં સુવર્ણ પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. બીલીમોરા ખાતે તા. ૦૮થી ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી શાળાકીય અંડર-૧૯ ભાઈઓની રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ફાઈનલ સુધીની સફર સફળ બનાવી હતી અને વિજેતા બની હતી.

આ ટીમમાં બારૈયા રાહુલ ચકાભાઈ, વેગડ અરુણ ગોવિંદભાઈ, સોરઠિયા દુનિલ મેહુલભાઈ, ધાપા સાવન ભરતભાઈ, ગોહિલ પાર્થ વિક્રમભાઈ, ગોહિલ માંડીપ ધર્મેન્દ્રસિંહ, બલધિયા રાહુલ બાબુભાઈ, સોલંકી વિજય ભરતભાઈ, બાંભરોલિયા નૈતિક જગદીશભાઈ, બારૈયા વિશાલ ભોલાભાઈ, કાકડિયા વંશ દીપકભાઈ અને ધીલા રાજવીર ઘનશ્યામભાઈનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ પાછળ ખેલાડીઓની મહેનત, નિયમિત તાલીમ અને કોચના માર્ગદર્શનનો મહત્વનો ફાળો રહ્યો હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા તથા ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.



અમરેલી એગ્રીકલ્ચર પોલીટેકનિકની વિદ્યાર્થિનીઓ આંતર પોલીટેકનિક સ્પર્ધાની ત્રણ રમતોમાં ચેમ્પિયન

અમરેલી,તા.૧૨

પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, અમરેલીની વિદ્યાર્થિનીઓએ જૂનાગઢ ખાતે યોજાયેલી આંતર પોલીટેકનીક રમતગમત તથા સાહિત્યિક સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાની ૩૪ વિદ્યાર્થિનીઓએ કુલ સાતમાંથી છ સ્પર્ધાઓમાં વિજયી સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જેમાં ત્રણ મુખ્ય રમતોમાં તેઓ ચેમ્પિયન બની હતી. વિદ્યાર્થિનીઓએ વોલીબોલ, બેડમિન્ટન અને ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી, જ્યારે નિબંધ લેખન, ખો-ખો અને ડિબેટ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાનાં આચાર્ય ડૉ. મીનાક્ષી કે. બારીયાનું માર્ગદર્શન રહ્યું હતું તેમજ જિમખાના ચેરમેન ડૉ. પૂજા વી. મહેતા અને રોજીના મહેસાનિયાએ સહયોગ આપ્યો હતો. વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિ બદલ આચાર્ય અને માર્ગદર્શકોએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.



ખાંભાની કિષ્ના વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ચિખલકુબા પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રની મુલાકાત લીધી

ખાંભા,તા.૧૨

ખાંભા સ્થિત કિષ્ના વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ચિખલકુબા ખાતે આવેલા પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને જંગલ, વન્યજીવો તેમજ પ્રકૃતિ વિશે પ્રત્યક્ષ જાણકારી મેળવવાની તક મળી હતી. આ મુલાકાત દરમિયાન પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રના કેમ્પ ઓફિસર દિપકભાઈ ગુજરાતી દ્વારા વિદ્યાર્થીઓને સિંહ, દીપડો, જંગલી બિલાડી, સાપ અને ગિરનારી ગીધ સહિતના વન્યપ્રાણીઓ અંગે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓને તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓ તેમજ જંગલના વિવિધ વૃક્ષો વિશે જાણવા મળ્યું હતું. કાર્યક્રમના અંતે શાળા દ્વારા આરએફઓ એન.પી. લકુમ, ફોરેસ્ટર હરદીપભાઈ તેમજ બીટગાર્ડ દિપકભાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



તસવીર : રૂચિત મહેતા

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે માર્ગના કામનું ખાતમુહૂર્ત કરાયું

અમરેલીના સાંગાડેરીથી નાના આંકડિયા વચ્ચે નવા માર્ગનું નિર્માણ કરાશે

ગ્રામ્ય વિસ્તારના લોકોને અવરજવરમાં મળશે વધુ સુવિધા

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સાંગાડેરીથી નાના આંકડિયા વચ્ચે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે નવા માર્ગનું નિર્માણ કરવામાં આવશે. માર્ગ અને મકાન પંચાયત વિભાગ હસ્તકના આ માર્ગના કામનું ખાતમુહૂર્ત ઉર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ માર્ગનું નિર્માણ થવાથી આસપાસના ગામોના લોકોને અવરજવરમાં વધુ સરળતા રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની સુવિધા સારી બને અને લોકોને પોતાના ગામથી અન્ય ગામો સુધી જવા માટે સરળતા રહે તેવા હેતુથી વિવિધ વિકાસના કામો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે સાંગાડેરીથી નાના આંકડિયા વચ્ચે નવો માર્ગ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. આ માર્ગ માટે રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. માર્ગના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવતા સ્થાનિક લોકોમાં પણ માર્ગ સુવિધા વધુ સારી બનવાની આશા જોવા મળી રહી છે.સાંગાડેરી અને નાના આંકડિયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આ



માર્ગ ઉપયોગી સાબિત થશે. માર્ગનું નિર્માણ પૂર્ણ થયા બાદ લોકોને દૈનિક અવરજવર કરવામાં સરળતા રહેશે. ખેડૂતો, ગ્રામજનો તેમજ વાહનચાલકોને પણ આવવા-જવામાં સુવિધા મળશે. ગામડાઓમાં માર્ગ વ્યવસ્થા સારી બને તો સ્થાનિક લોકોને પોતાની જરૂરિયાતો માટે અન્ય સ્થળોએ જવામાં સમય અને મુશ્કેલીમાં ઘટાડો થવાની શક્યતા રહે છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે પણ રસ્તાઓની સુવિધા મહત્વની ગણવામાં આવે છે.રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ અને વિસ્તરણ માટે વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. માર્ગ નિર્માણના આવા કામોથી ગામડાઓને જોડતી માર્ગ વ્યવસ્થા વધુ સુદ્રઢ બને અને લોકોને સારી સુવિધા મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સાંગાડેરીથી નાના આંકડિયા વચ્ચેના માર્ગનું નિર્માણ પણ આ દિશામાં મહત્વનું પગલું બની રહેશે.આ પ્રસંગે જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, તાલુકા પંચાયતના ચેરમેન અરવિંદભાઈ કાકડીયા, અગ્રણી મનસુખભાઈ ગાંગડીયા, મધુભાઈ હરખાણી, મુકેશભાઈ બગડા, ગામના સરપંચ નટુભાઈ સહિત આસપાસના ગામોના સરપંચો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓના વિકાસને મહત્વપૂર્ણ ગણાવવામાં આવ્યો હતો.

અમરેલીના મોટા કણકોટ ગામે યુવાન પર દીપડાનો હુમલો

અમરેલી,તા.૧૨

અમરેલી તાલુકાના મોટા કણકોટ ગામે દીપડાએ એક વ્યક્તિ પર હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ હુમલાની ઘટનામાં રૂમાલ વેરસિંહ મહેડા નામના વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દીપડાએ હુમલો કરતા તેમના માથા, ગાલ અને હાથના ભાગે ઈજા થઈ હતી. બનાવને પગલે આસપાસના વિસ્તારમાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઈજાગ્રસ્ત રૂમાલ વેરસિંહ મહેડાને પ્રથમ લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં



પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના હુમલાની વધતી જતી ઘટનાઓને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકોમાં ભય અને ચિંતા જોવા મળી રહી છે. આવા બનાવો અટકાવવા વનવિભાગ દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

બાબરામા ઉડાન લેડીઝ ક્લબ દ્વારા વેલકમ નવરાત્રીની ભવ્ય ઉજવણી કરાઈ

બાબરા,તા.૧૨

બાબરા શહેરમાં ઉડાન લેડીઝ ક્લબ દ્વારા વેલકમ નવરાત્રી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ ભૂપેન્દ્રભાઈ બસિયા સહિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી મા જગદંબાની આરાધના સાથે કરાયો હતો. ત્યારબાદ બહેનોએ પ્રાચીન ગરબાની રમઝટ બોલાવી હતી. વેલ ડ્રેસ અને વેલ દાંડિયા સ્પર્ધામાં ક્લબની બહેનો તેમજ અન્ય બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.



ક્લબ વિભાગમાં પૂજાબેન મકવાણા, રક્ષાબેન વણજારા, સોનલબેન સાંગાણી, કિરણબેન વાળા, શ્વેતાબેન પોપટ અને મિતલબેન કારિયા વિજેતા બન્યા હતા. જનરલ રાઉન્ડમાં દિપાલીબેન મુંધવા, ગુંજનબેન સરવૈયા, હીર જોષી, મીનાક્ષી જાની, પ્રાર્થના ચાવડા અને ભાવિકાબેન સૂચકને ઈનામ અપાયા હતા. ૧૫ વર્ષથી નાની બાળાઓને પણ પ્રોત્સાહિત કરાઈ હતી. નિર્ણાયકો અને દાતાઓનું સન્માન કરાયું હતું. અંતે નીતાબેન સૂચકે આભારવિધિ કરી હતી.

અમરેલી જિલ્લામાં કપાસનો પાક નિષ્ફળ જતા રાહત પેકેજ જાહેર કરવા માંગ

દિવાળી પહેલાં નિષ્ફળ ગયેલા કપાસના પાકનો સર્વે કરી ખેડૂતોને સહાય આપવા મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી સમક્ષ રજૂઆત

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ખેડૂતો દ્વારા ૬૦ ટકાથી વધુ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે, પરંતુ અપૂરતા વરસાદના કારણે મોટા ભાગનો પાક નિષ્ફળ ગયેલ છે. કપાસના છોડનો વિકાસ થયો નથી અને છેલ્લા વરસાદ બાદ છોડ લાલ થઈ જતા ખેડૂતો દિવાળી પહેલાં પાક કાઢી નાખવાની તૈયારી કરી રહ્યા છે. ખેડૂતોએ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, ડીઝલ અને મજૂરી પાછળ મોટો ખર્ચ કર્યો છે, પરંતુ ઉત્પાદન મળવાની શક્યતાઓ નહિવત છે. અપૂરતા વરસાદને કારણે કૂવા અને બોરમાં પાણી ન હોવાથી શિયાળુ પાક લેવાનું પણ મુશ્કેલ બન્યું છે. આવી સ્થિતિમાં ખેડૂતોના જીવનનિર્વાહનો પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી સમક્ષ રજૂઆત કરી કપાસ પકવતા ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવા તેમજ દિવાળી પહેલાં નિષ્ફળ ગયેલા ઉભા પાકનો તાત્કાલિક સર્વે કરવાની માંગણી કરવામાં આવી છે.

રાજુલા કન્યા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાનો કલાકુંભ યોજાયો

રાજુલા,તા.૧૨

રાજુલા સ્થિત ટી.જે. બી.એસ. કન્યા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાના કલાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્રકલા, ગરબા, નૃત્ય અને સંગીત સહિતની ૧૬ જેટલી સ્પર્ધાઓમાં વિવિધ શાળાના ૩૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય સીમાબેન પંડ્યા, ટી.ડી.ઓ. સુમરા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ ચિરાગ બી. જોષી અને ભાજપ મંત્રી પરેશભાઈ ગોહિલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઈના મેનેજર સૌરભ તથા જીએચસીએલ કંપનીએ ઈનામ માટે યોગદાન આપ્યું હતું. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

અવસાન નોંધ

સાવરકુંડલા

સ્વ.વાજસુરભાઈ કાળાભાઈ ગેલાતર (ઉ.વ.૮૪)નું તા.૧૦/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે માવજીભાઈ કાળાભાઈ ગેલાતર, પ્રવીણભાઈ કાળાભાઈ ગેલાતર, સવજીભાઈ ખોડાભાઈ ગેલાતરના ભાઈ, દિનેશભાઈ વાજસુરભાઈ ગેલાતર, ભીમજીભાઈ વાજસુરભાઈ ગેલાતર, હરીશભાઈ વાજસુરભાઈ ગેલાતર, મહેશભાઈ વાજસુરભાઈ ગેલાતરના પિતાશ્રી થાય છે. તેમનુ સદગત બેસણુ તારીખ:૧૩/૧૦/૨૦૨૬ને મંગળવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે લાખાભગતની જગ્યા વણકરવાસ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર.

સરનામું :- રૂમ નં.- એસ / ૮, બીજા માળે, બહુમાળીભવન, ભાવનગર.
(ગુજરાત કો- ઓપ. સોસાયટી એકટની કલમ – ૯૯(૪) મુજબ)

ડીસ્પ્યુટન્ટ (વાદી) :- સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી., મુ.બગસરા અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા (પ્રતિવાદી) :- નીચે મુજબની વિગતે

ક્રમ નં	સમરી દાવા નંબર	પ્રતિવાદી નંબર	પ્રતિવાદીનું નામ	ક્યા દરજ્જે	દાવાની રકમ
૧	૬૫/૨૦૨૬	૨	મનસુખભાઈ ભીખુભાઈ વેકરીયા	જામીન દરજ્જે	૩,૦૧,૧૩૯/-
૨	૬૭/૨૦૨૬	૩	મુકેશભાઈ દામજીભાઈ આસોદરીયા	જામીન દરજ્જે	૨,૭૩,૨૮૬/-
૩	૬૯/૨૦૨૬	૧	ગુજ. જીવકુભાઈ સમજુભાઈ વાલાણીના વારસ વિપુલભાઈ જીવકુભાઈ વાલાણી	મુળ કરજદાર	૨,૯૪,૪૫૮/-
૪	૬૮/૨૦૨૬	૧	ગુજ. ચતુરભાઈ જસમતભાઈ રામાણીના વારસ શાંતાબેન ચતુરભાઈ રામાણી	મુળ કરજદાર	૨,૦૭,૪૬૨/-
૫	૭૦/૨૦૨૬	૧	ગુજ. ધનજીભાઈ કરશનભાઈ શીંગાળાના વારસ પાર્વતીબેન ધનજીભાઈ શીંગાળા	મુળ કરજદાર	૨,૦૪,૯૨૨/-
૬		૨	ધનશ્યામભાઈ ફલાભાઈ ઢોલરીયા	જામીન દરજ્જે	
૭		૨	શૈલેષભાઈ રાજેશભાઈ ઢોલરીયા	જામીન દરજ્જે	
૮	૭૩/૨૦૨૬	૩	પારૂલબેન વિજયભાઈ પીપળીયા	જામીન દરજ્જે	૨,૦૮,૮૪૩/-
૯	૭૪/૨૦૨૬	૧	ગુજ. રીતેશભાઈ વિઠ્ઠલભાઈ બાબરીયાના વારસ હિરાબેન રીતેશભાઈ બાબરીયા	મુળ કરજદાર	૬,૪૫,૭૯૨/-
૧૦	૭૮/૨૦૨૬	૧	ગુજ. પ્રવિણભાઈ મોહનભાઈ ગજેરાના વારસ કમળાબેન પ્રવિણભાઈ ગજેરા	મુળ કરજદાર	૧,૪૫,૮૭૪/-
૧૧	૮૧/૨૦૨૬	૧	ગુજ. વિઠ્ઠલભાઈ છગનભાઈ સાવલીયાના વારસ રેખાબેન વિઠ્ઠલભાઈ સાવલીયા	મુળ કરજદાર	૧,૩૮,૬૮૬/-

ઉપરોકત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાના જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પુટન્ટે (વાદીએ) ધી ગુજરાત કો -ઓપરેટીવ સોસાયટી એકટની કલમ - ૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહીત વસુલ લેવા માટે દાવો માંડયો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી) ને આપી ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હકકદાર થશે. તેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તારીખ :- ૧૨/૧૦/૨૦૨૬
સ્થળ :- ભાવનગર

તૈયાર કરનાર
સહી
(એન. બી. મોરી)
જુનિયર કલાર્ક

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી. એન. રંગાણી)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સાંભળવાની તકલીફ છે ?

- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા



કાનની અંદરનું મશીન



કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

ધ્રુફણીયા ગામે ભાઈ સાથે કપડાં લેવા મુદ્દે બોલાચાલી બાદ બહેને ઝેરી દવા પીધી

જિલ્લામાં અપમૃત્યુના ચાર બનાવ નોંધાયા

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ચાર બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા.દાહોદના ધાનપુર તાલુકાના ગાંગડી ફળિયાના અને હાલ લાઠીના ધ્રુફણીયા ગામે વાડીએ રહેતા વિજયભાઈ બચુભાઈ અમલીયાર (ઉં.વ.૨૦)એ જાહેર કર્યા મુજબ, તેમની બહેનને તેમની સાથે કપડાં લેવા મુદ્દે બોલાચાલી થઈ હતી. આથી તેમણે લાફો મારતાં બહેનને લાગી આવ્યું હતું અને અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી જતાં સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું. બીજા બનાવમાં લીલીયાના દાડમા ગામે રહેતા જયસુખભાઈ પરશોત્તમભાઈ આસોદરા (ઉં.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ પરશોત્તમભાઈ આસોદરા (ઉં.વ.૩૦)ને તેમની પત્ની સાથે ઝઘડો થયો હતો. જે બાબતે લાગી આવતાં ખડ બાળવાની ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું. ત્રીજા બનાવમાં ખાંભાના પીપળવા ગામે રહેતા દિનેશભાઈ બચુભાઈ ઝાલા (ઉં.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, જયદીપભાઈ દિનેશભાઈ ઝાલા (ઉં.વ.૨૩)ના પત્ની ચાર દિવસથી પિયરમાં રિસામણે જતાં રહ્યાં હતાં. જે વાતનું લાગી આવતાં તેમણે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ચોથા બનાવમાં વડિયામાં રહેતા અર્જુભાઈ વિપુલભાઈ રાવરાણી (ઉં.વ.૧૮)એ જાહેર કર્યા મુજબ, વિપુલભાઈ ભગવાનભાઈ રાવરાણી (ઉં.વ.૪૭)એ ખટારા (ટ્રક)ની લોન લીધી હતી. જેના હપ્તા વધી ગયા હોવાથી આર્થિક સંકડામણના લીધે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

સા.કુંડલામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ નિઃશુલ્ક તપાસ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૨



ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ALIMCO તથા અમરેલી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલાની મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' હેઠળ વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સાધન સહાય મૂલ્યાંકન અને તપાસ કેમ્પ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષના સેવાયજ્ઞ નિમિત્તે યોજાયેલા આ કેમ્પમાં ૨૦૦થી વધુ વડીલોએ ભાગ લીધો હતો. અહીં ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોની તપાસ કરીને વ્હીલચેર, શ્રવણયંત્ર, વૉકિંગ સ્ટિક, કમર અને ઘૂંટણના પટ્ટા સહિતના સાધનો આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ કેમ્પનો પ્રારંભ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે થયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીના નાના માચિયાળા ગામના બસ સ્ટેન્ડમાંથી વિદેશી દારૂની ૭ બોટલ ઝડપાઈ

અમરેલી,તા.૧૨

અમરેલીના નાના માચિયાળા ગામના બસ સ્ટેન્ડ પાસેથી વિદેશી દારૂની ૭ બોટલ ઝડપાઈ હતી. પોલીસે યુવરાજભાઈ નજુભાઈ આલાણી (ઉં.વ. ૨૧) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭ બોટલો જપ્ત કરી હતી. અમરેલી પોલીસે દારૂની બોટલો તથા એક્ટિવા મળીને કુલ રૂ. ૫૧,૦૧૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત, અન્ય એક દરોડામાં જાફરાબાદમાંથી બે લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

જ્યારે જિલ્લામાં વિવિધ સ્થળોએથી સાત ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં રખડતાં-ફરતાં ઝડપાઈ ગયા હતા.

અમરેલી જિલ્લામાં બાળ વિજ્ઞાન મેળાનું ઉત્સાહભેર આયોજન

અમરેલી,તા.૧૨



અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ફેસ્ટિવલ ઉત્સાહભેર સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પર્યાવરણ અને નવીનતાના વિષયો પર આધારિત અનોખાં મોડેલ, સંશોધન પત્રો તથા કાર્યરત પ્રદર્શનો રજૂ કરી ઉપસ્થિત સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.કાર્યક્રમમાં અમરેલીના અગ્રણીઓ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક પ્રતિભા અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાંથી રાજ્યકક્ષાના સાયન્સ ફેસ્ટિવલ માટે ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ આગામી તબક્કામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

ધારીના ક્રાંગસા ગામેથી પરિણીતા પોતાના ત્રણ દીકરા સાથે લાપતા

ઘરે પરત ન ફરતા પરિવારે પોલીસને જાણ કરતા શોધખોળ શરૂ કરાઈ

ધારી,તા.૧૨

ધારીના ક્રાંગસા ગામેથી એક પરિણીતા પોતાના ત્રણ દીકરાઓને સાથે લઈને ક્યાંક ચાલી જતાં લાપતા થઈ હતી.

બનાવ અંગે વિપુલભાઈ કનુભાઈ રાધનપરા (ઉં.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની સેજલબેન (ઉં.વ. ૨૯) ઘરેથી ધારી ખાતે પોતાના ત્રણ દીકરાઓને સ્કૂલ બેગ અપાવવા જવાનું કહીને નીકળ્યા હતા. જે બાદ તેઓ પરત ન ફરતાં તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ૮ જુગારીઓ તીનપત્તી રમતાં ઝડપાયા

બંને સ્થળેથી કુલ રૂ. ૨૦,૭૭૦નો મુદ્દામાલ જપ્ત

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં બે અલગ-અલગ સ્થળેથી ૮ જુગારીઓ તીનપત્તીનો જુગાર રમતાં ઝડપાયા હતા.

પોલીસે બંને સ્થળેથી કુલ રૂ. ૨૦,૭૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રથમ બનાવમાં, ખાંભાના ઈંગોરાળા ગામે દેદુમલ નદીના કાંઠેથી ખોડુભાઈ ભીખાભાઈ વાઘેલા, બાલાભાઈ મનસુખભાઈ વાઘેલા તથા ભૂપતભાઈ ભાયાભાઈ ખાટરીયા જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૦૭૦ના મુદ્દામાલ સાથે પોલીસ રેઈડ દરમિયાન પકડાયા હતા. બીજા બનાવમાં, અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા સુળિયાટીબેથી દુલાભાઈ અમરાભાઈ માવલીયા, રસિકભાઈ ઉર્ફે બાજીગર સવજીભાઈ ડાંગર, ધર્મેશભાઈ સોમાભાઈ રાઠોડ, સવજીભાઈ સોમાભાઈ ડાંગર તથા વિશાલભાઈ સવજીભાઈ ડાંગર તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.

મોટરસાયકલ ફેન્સિંગ તારના થાંભલા સાથે અથડાતાં માથામાં હેમરેજ થયું

બાબરાના ઊંટવડ ગામની ઘટના

બાબરા,તા.૧૨

બાબરાના ઊંટવડ ગામે રહેતા એક યુવકનું બાઈક ફેન્સિંગ તારના થાંભલા સાથે ભટકાતાં આંખની નેણમાં ગંભીર ઈજા થઈ હતી અને માથામાં હેમરેજ થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના જેઠવાય ગામના અને હાલ ઊંટવડ ગામે રહેતા રવિન્દભાઈ નત્થુભાઈ સેમળિયા (ઉં.વ.૨૨)એ જાહેર કર્યા પ્રમાણે, નથુભાઈ સિકંદરભાઈ સેમળિયા (ઉં.વ.૪૨)એ મોટરસાયકલ પરનો કાબૂ ગુમાવતાં બાઈક રોડની સાઈડમાં ઉતરી ગયું હતું.રોડની સાઈડમાં આવેલા તાર ફેન્સિંગના થાંભલા સાથે બાઈક ભટકાતાં તેમને જમણી આંખની નેણના ઉપરના ભાગે ગંભીર ઈજા થઈ હતી તેમજ માથામાં હેમરેજ થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એલ. ખેર આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પતિ રિસામણે રહેલી પત્નીને તેડી લાવ્યા બાદ ફરી ત્રાસ આપતાં પરિણીતાએ ફિનાઈલ પીધું

સાવરકુંડલા ટાઉનમાં બન્યો બનાવ

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલામાં રિસામણે રહેલી એક પરિણીતાને તેનો પતિ સમાધાન કરીને ઘરે તેડી લાવ્યા બાદ ફરીથી ત્રાસ આપવા લાગતાં પરિણીતાએ કંટાળીને ફિનાઈલ પી લીધું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, શહેનાજબેન અબ્દુલભાઈ મુસાણી (ઉં.વ.૨૮)ને તેમના પતિ માર મારતા હોવાથી તેઓ પિયરમાં રિસામણે બેઠા હતા. ત્યારબાદ પતિ સમાધાન કરીને તેમને ઘરે તેડી આવ્યો હતો, પરંતુ ઘરે લાવ્યા બાદ ફરીવાર તેમને માનસિક અને શારીરિક દુઃખ-ત્રાસ આપવા લાગ્યો હતો.

જેનાથી કંટાળીને શહેનાજબેને પોતાના ઘરે જાતે ફિનાઈલ પી લીધું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૧૩-૧૦-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૦,
સૂર્યાસ્ત-૦૫:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

દૈનિક રાશિફળ

તા.૧૩-૧૦-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. શુભ ખર્ચાને કારણે તમારી ખ્યાતિ વધશે.

સિંહ: કામકાજ આગળ વધારવાની તક મળી શકે છે. પોતાની જવાબદારીને સમય પર પૂરી કરવાથી ફાયદો થઈ શકે છે. ખર્ચ વધવાની આશંકા જોતા બજેટનું ધ્યાન રાખવું જરૂરી છે.

કન્યા: આર્થિક મામલાને મહત્વપૂર્ણ બનાવી શકે છે. આવક અને ખર્ચ વચ્ચે સંતુલન બનાવી રાખવું પડશે. નોકરી કરનારે પોતાના કામ પર ધ્યાન આપવું જોઈએ.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો વ્હાવો મળશે.

મકર: કરિયર અને કારોબારમાં પોતાની યોજનાઓ પર કામ કરવાની તક મળી શકે છે. પરંતુ કોઈ નવા કામમાં પૈસા લગાવતા પહેલાં તેની તમામ માહિતી મેળવી લો.

કુંભ: આજે કોઇ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

ધારીમાં ઘરે થેલી મૂકવા બાબતે થયેલી બોલાચાલીએ લોહિયાળ રૂપ ધારણ કર્યું

એક મહિલા સહિત પાંચ લોકો સામે ફરિયાદ

ધારી,તા.૧૨

ધારીમાં ઘરે થેલી મૂકવા બાબતે થયેલી બોલાચાલીએ લોહિયાળ રૂપ ધારણ કર્યું હતું. આ બનાવ સંદર્ભે ઘુઘાભાઈ બાબુભાઈ સોલંકી (ઉં.વ.૩૫) એ કરણ દીપકભાઈ સોલંકી, બાબુભાઈ કરમશીભાઈ સોલંકી, દીપકભાઈ બાબુભાઈ સોલંકી, મંજુબેન બાબુભાઈ સોલંકી તથા એભલભાઈ દીપકભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમની દીકરી તથા કરણ સોલંકી વચ્ચે ઘરે થેલી મૂકવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપીએ તેમની દીકરીને ગાળો આપી હતી. ત્યારબાદ તમામ આરોપીએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી, પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ગાળો આપી ઉશ્કેરાઈ ગયા હતા અને કુહાડી વડે માથામાં ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તેમજ તેમની પત્નીને લાકડી વડે હાથ તથા શરીરે આડેધડ માર માર્યો હતો. તેઓને મૂંઢ માર મારી શરીરે, માથામાં, પગમાં તેમજ હાથના અંગૂઠાના ભાગે કુલ ૨૭ ટાંકા આવે તેવી ગંભીર ઈજાઓ કરી હતી. આ ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

માલવીયા પીપરીયા ગામેથી યુવતી ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરી

લાઠી,તા.૧૨

લાઠીના માલવીયા પીપરીયા ગામેથી એક યુવતી ઘરેથી નીકળ્યા બાદ પરત ફરી નહોતી. આ અંગે રમેશભાઈ ઉકાભાઈ વાડદોરિયા (ઉં.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી રિદ્ધિ (ઉં.વ.૨૧) ઘરેથી કોઈને કહ્યા વગર નીકળ્યા બાદ પરત ફરી નહોતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ખાંભાના બોરાળા ગામેથી છ લિટર દેશી દારૂ પકડાયો

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી પોલીસે આઠ લિટર દેશી દારૂ ઝડપ્યો હતો. ખાંભાના બોરાળા ગામેથી છ લિટર અને જાફરાબાદના સામા કાંઠા વિસ્તારમાંથી બે લિટર દેશી દારૂ પકડાયો હતો. પોલીસે કુલ રૂ. ૧,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત સાવરકુંડલા, રાજુલા, આંબલીયાળા અને મોરંગી ગામેથી એક-એક મળી કુલ ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાઈ ગયા હતા.

કાંકચ ગામે પ્રેમસંબંધ પૂરો કર્યાની દાઝમાં મહિલા પર છરીથી હુમલો

જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

લીલીયા,તા.૧૨

લીલીયાના કાંકચ ગામે પ્રેમસંબંધ પૂરો કર્યાની દાઝમાં મહિલા પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ અંગે અંબાબેન નાનજીભાઈ પરમાર (ઉં.વ. ૭૦) એ તેમના જ ગામના જયંતીભાઈ ઉર્ફે ઘુઘો ગોકુળભાઈ ઝાલાવાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, આરોપીને તેમની દીકરી સાથે પ્રેમસંબંધ હતો, જે બાદમાં દીકરીએ પૂરો કરી દીધો હતો. જે બાબતે દાઝ રાખી આરોપીએ રાત્રિના સમયે તેમના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેમને ધક્કો મારી નીચે પાડી દઈ, ગાળો આપીને પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી હતી. જાનથી મારી નાખવાના ઈરાદાથી આરોપીએ પેટના ભાગે જોશથી છરીનો ઘા મારવા જતાં, અંબાબેને પોતાના બંને હાથ વડે છરી પકડી લીધી હતી. જેથી તેમને બંને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ૨૩ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત આરોપીએ તેમને તથા તેમની દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. વાય. એમ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચલાલાની પરિણીતા પર લગ્નના આઠ દિવસમાં જ અમદાવાદમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો

બેફામ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ચલાલા,તા.૧૨

ચલાલાની પરિણીતા પર લગ્નના આઠ દિવસમાં જ અમદાવાદમાં રહેતા સાસરિયાઓએ સિતમ ગુજાર્યો હતો. ઉપરાંત બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.બનાવ અંગે પરીનબેન મોહમ્મદમુઝમ્મીલ યુસુફભાઈ કુદુસી (ઉં.વ.૩૨) એ અમદાવાદમાં રહેતા પતિ મોહમ્મદ મુઝમ્મીલ યુસુફભાઈ કુદુસી, સાસુ ફાતેમાબીબી યુસુફભાઈ કુદુસી, મનફુસાબીબી યુસુફભાઈ કુદુસી, જમીમા અઝહર બરકત, અઝહર ઉર્ફે અબ્દુલ રઝાક સલીમભાઈ બરકત તથા નફીસા ઈકબાલ સુરતી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નના આઠ દિવસ બાદથી જ પતિ, સાસુ, નણંદો અને નણંદોઈઓ સહિત તમામ છ લોકોએ અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યો હતો. તેમજ અવારનવાર બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ ગોબરભાઈ ગંગલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

તંત્રી લેખ

વૈશ્વિક પડકારો વચ્ચે ગુજરાત સરકારનો ઉદ્યોગોને સાથ

ગુજરાતનું ઔદ્યોગિક વાતાવરણ આજે એક નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે. રાજ્ય સરકાર ઉદ્યોગકારોને સાથે લઈને ચાલવાની ભાવના ધરાવે છે અને તેમની સમસ્યાઓના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેવી નીતિઓ દ્વારા સરકારે ઉદ્યોગકારો માટે મંજૂરીઓની પ્રક્રિયા સરળ બનાવી છે, જેનાથી નવા ઉદ્યોગો શરૂ કરવાનો માર્ગ વધુ સુગમ બન્યો છે. આજે ઉદ્યોગકારોને એક જ વિન્ડો ક્લિયરન્સ, ઓનલાઈન અરજી અને ઝડપી નોંધણી જેવી સુવિધાઓ મળી રહી છે. સરકારનો આ પ્રયાસ ઉદ્યોગકારો અને વહીવટી તંત્ર વચ્ચે વિશ્વાસનો સેતુ બની રહ્યો છે, જે ગુજરાતના આર્થિક વિકાસ માટે શુભ સંકેત છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી ઉદ્યોગકારોને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુધ્ધના કારણે કાચા માલ, ટ્રાન્સપોર્ટ અને ગેસના ભાવમાં ભારે વધારો થયો છે. લેબર શોર્ટેજના કારણે ઉત્પાદનની ગતિ પર અસર પડી છે અને ઘણી કંપનીઓના નિકાસ ઓર્ડર પણ પ્રભાવિત થયા છે. બહારથી આવતા મટિરિયલમાં અનિયમિતતા સર્જાઈ છે, જેનાથી ઉદ્યોગકારો મુશ્કેલીમાં મૂકાયા છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ઉદ્યોગકારો પોતાના બળે ટકી રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો આ સ્થિતિ લાંબી ચાલશે તો તેમને ખૂબ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, તેથી સરકારે સમયસર યોગ્ય પગલાં લેવા જરૂરી છે.

ઉદ્યોગકારોને સતાવતા મુખ્ય પ્રશ્નોમાં સ્ટેમ્પ ડ્યુટીનો પ્રશ્ન અગ્રિમ છે. લગભગ બધા જ ઉદ્યોગકારો આ બાબતે પરેશાન છે. ગુજરાતમાં બે વર્ષ પહેલા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં જીઆઈડીસીમાં અગાઉની કોઈપણ વ્યક્તિની સ્ટેમ્પ ડ્યુટી બાકી રહી ગઈ હોય તો તે તમામ ડ્યુટી અને તેના પર ૩૦૦% સુધીનો દંડ વસૂલવાની છૂટ આપવામાં આવી હતી, જે ખૂબ અન્યાયી અને કુદરતી ન્યાયની વિરુધ્ધ છે. સરકારે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની જાહેરાતો પૂરતી મર્યાદિત ન રાખતાં, તેનો ઝડપી અને પ્રામાણિક અમલ કરવો જોઈએ. જ્યાં સુધી ઉદ્યોગકારોને ઓછા વ્યાજની લોન, સમયસર લીઝ ડીડ, વાજબી સ્ટેમ્પ ડ્યુટી અને જૂના બિલોમાંથી રાહત નહીં મળે, ત્યાં સુધી ગુજરાતનું ઔદ્યોગિક સંકટ ટળવાનું નથી.

ઉદ્યોગકારો અને સરકાર વચ્ચેની ભાગીદારી ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે. સરકારની સકારાત્મક પહેલ અને ઉદ્યોગકારોના સહયોગથી રાજ્ય આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકશે. જો ઉદ્યોગકારોને યોગ્ય સમયે યોગ્ય સહાય મળે, તો ગુજરાતનું ઔદ્યોગિક વાતાવરણ વધુ મજબૂત બનશે અને રોજગારની નવી તકો ઊભી થશે. આ માટે સરકાર અને ઉદ્યોગકારો બંનેને સાથે મળીને કામ કરવાની જરૂર છે. સંવાદ, પારદર્શિતા અને ઝડપી નિર્ણય એ ત્રણ સ્તંભ ઉદ્યોગના વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડી શકે છે. ગુજરાતની ઉદ્યોગમિત્ર નીતિ અને ઉદ્યોગકારોની મહેનત આ બંનેના સંગમથી રાજ્ય દેશના આર્થિક વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવશે તે નિર્વિવાદ છે.

ત્રીજું નોરતું : માતા ચંદ્રઘંટાની ઉપાસનાનું મહત્ત્વ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

માતાના શક્તિ અને સ્વરૂપો છે તેમાં મુખ્ય નવ સ્વરૂપો છે નવ દિવસોમાં માતાજીના નવ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે ભક્તિ કરવામાં આવે છે ત્રીજી નવરાત્રીએ માતા ચંદ્ર ઘંટા ની ઉપાસના કરવાનો વિધિ વિધાન છે.

માતા ચંદ્રઘંટા શક્તિ, સાહસ, શાંતિ અને નિર્ભયતાનાં પ્રતીક માનવામાં આવે છે. તેમની આરાધના દ્વારા ભક્તો જીવનમાં હિંમત, આત્મવિશ્વાસ અને સદબુદ્ધિ પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરે છે.

માતા ચંદ્રઘંટાના નામમાં જ તેમના દિવ્ય સ્વરૂપનો સંકેત મળે છે. તેમના મસ્તક પર ઘંટના આકારનો અર્ધચંદ્ર શોભે છે. આ કારણે તેઓ ચંદ્રઘંટા તરીકે ઓળખાય છે. તેમનું સ્વરૂપ તેજસ્વી, દિવ્ય અને પ્રભાવશાળી છે. તેઓ સિંહ અથવા વાઘ પર સવાર થયેલાં દર્શાવવામાં આવે છે. તેમનાં અનેક હાથમાં વિવિધ અસ્ત્ર-શસ્ત્રો શોભે છે, જ્યારે કેટલાક હાથ ભક્તોને આશીર્વાદ આપતી મુદ્રામાં હોય છે. તેમનું આ સ્વરૂપ સમજાવે છે કે જીવનમાં શક્તિની સાથે શાંતિ અને કરુણા પણ એટલાં જ જરૂરી છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ દુષ્ટ શક્તિઓ સામે લડવાની હિંમત અને ધર્મનું રક્ષણ કરવાની પ્રેરણા. તેમના હાથમાં રહેલાં અન્યાય સામે ઊભા રહેવાના સંકલ્પનું પ્રતીક છે. તેમનું શાંત અને કલ્યાણકારી રૂપ દર્શાવે છે કે સાચી શક્તિનો ઉપયોગ બીજાને દુઃખ પહોંચાડવા માટે નહીં, પરંતુ નિર્બળનું રક્ષણ કરવા અને સમાજમાં ન્યાય સ્થાપિત કરવા માટે થવો જોઈએ.

નવરાત્રીના ત્રીજા દિવસે ભક્તો વહેલી સવારે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે. ત્યારબાદ પૂજાસ્થળને સ્વચ્છ કરીને માતા ચંદ્રઘંટાની મૂર્તિ અથવા ચિત્રની સ્થાપના કરવામાં આવે છે. માતાજીને કંકુ, ચોખા, ફૂલ, ધૂપ અને દીવો અર્પણ કરવામાં આવે છે. ભક્તિભાવથી મંત્રજાપ, સ્તુતિ અને આરતી કરવામાં આવે છે. માતાજીને દૂધ, ખીર, સાકર અથવા અન્ય મીઠાઈનો પ્રસાદ ધરાવવાની પરંપરા પણ છે. જોકે, પૂજાની રીત અને પ્રસાદમાં પ્રાદેશિક પરંપરા પ્રમાણે ફેરફાર જોવા મળે છે. પૂજામાં દેખાડા કરતાં શ્રધ્ધા, સ્વચ્છતા અને મનની પવિત્રતાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

માતા ચંદ્રઘંટાની ઉપાસનામાં 'ૐ દેવી ચંદ્રઘંટાયૈ નમઃ' મંત્રનો જાપ શુભ માનવામાં આવે છે. ભક્તો આ મંત્રનું સ્મરણ કરીને માતાજી પાસે જીવનની મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ, પરિવારની સુખાકારી અને મનની શાંતિ માટે પ્રાર્થના કરે છે. મંત્રજાપ મનને એકાગ્ર કરવામાં અને વિચારોને શાંત કરવામાં મદદરૂપ બની શકે છે. નિયમિત પ્રાર્થના વ્યક્તિમાં આશાવાદ અને સકારાત્મક અભિગમ વિકસાવવામાં પણ મદદ કરે છે.

નવરાત્રીનો ત્રીજો દિવસ માત્ર ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત નથી. તે વ્યક્તિને પોતાના અંતરમાં રહેલા ભય, ક્રોધ, ઈર્ષ્યા અને નકારાત્મક વિચારો સામે લડવાનો સંદેશ પણ આપે છે. ઘણી વાર માણસમાં શક્તિ હોવા છતાં આત્મવિશ્વાસના અભાવે તે યોગ્ય નિર્ણય લઈ શકતો નથી. માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ આપણને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ધીરજ રાખીને હિંમતપૂર્વક આગળ વધવાની પ્રેરણા આપે છે. સાહસનો અર્થ ઉતાવળ કરવો નહીં, પરંતુ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા કેળવવી છે.

માતા ચંદ્રઘંટાની ઉપાસના આપણને એ પણ શીખવે છે કે જીવનમાં બળ અને વિવેક વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. માત્ર શક્તિ હોય, પરંતુ તેનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવો તેની સમજ ન હોય, તો તે શક્તિ નુકસાનકારક બની શકે છે. બીજી તરફ, શાંતિનો અર્થ અન્યાય સામે મૌન રહેવું એવો પણ નથી. જરૂર પડે ત્યારે સત્ય અને ન્યાયની રક્ષા માટે હિંમતપૂર્વક આગળ આવવું એ જ સાચી શક્તિ છે.

આજના સમયમાં તણાવ, સ્પર્ધા, અસુરક્ષા અને અનેક પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે માનસિક શાંતિ જાળવવી જરૂરી બની છે. આવી પરિસ્થિતિમાં નવરાત્રીનો આ દિવસ આત્મચિંતન અને આંતરિક શક્તિના વિકાસ માટે ઉત્તમ અવસર બની શકે છે. પ્રાર્થના સાથે સારા વિચારો, સંયમિત વર્તન, બીજાની મદદ અને જવાબદારીપૂર્વકના કાર્યને જીવનમાં સ્થાન આપવું જોઈએ. માતાજીની આરાધનાનું સાચું મૂલ્ય ત્યારે પ્રગટ થાય છે, જ્યારે ભક્તિ આપણા વર્તનમાં પણ દેખાય છે.

માતા ચંદ્રઘંટાની પૂજા આપણને નિર્ભયતા, કરુણા, શિસ્ત અને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. નવરાત્રીના ત્રીજા દિવસે આપણે સંકલ્પ કરીએ કે મુશ્કેલીઓથી ડરીને પાછળ નહીં હટીએ, અન્યાયનો સાથ નહીં આપીએ અને પોતાની શક્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરીશું. શ્રદ્ધા સાથે સદાચાર અને હિંમતને જીવનમાં ઉતારીએ, તો નવરાત્રીનો આ પવિત્ર દિવસ આપણા માટે સાચા અર્થમાં આધ્યાત્મિક ઉત્સવ બની શકે છે.



નવરાત્રીનો પવિત્ર તહેવાર શક્તિની આરાધના, શ્રધ્ધા અને આધ્યાત્મિક જાગૃતિનો ઉત્સવ છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતા દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. દરેક સ્વરૂપનું પોતાનું આગવું મહત્ત્વ છે. નવરાત્રીના ત્રીજા દિવસે માતા દુર્ગાના ત્રીજા સ્વરૂપ માતા ચંદ્રઘંટાની ઉપાસના કરવાની પરંપરા છે.

શબ્દ સંજોગ-૨૨૭૯



આડી ચાવી :
(૧) એક પુષ્પ (૩)
(૩) કામ, કામદેવ (૩)
(૬) ક્રિકેટમાં જીત મેળવવા માટે કરવા પડે (૨)
(૭) એક ગુજરાતીનો મહિનો (૨)
(૮) પાણીના અધિષ્ઠાતા દેવ (૩)
(૯) પાણીની લહેર, મોજુ (૩)
(૧૦) રોજેરોજની આવક (૩)
(૧૧) પાણી, વારિ (અવળુ) (૨)
(૧૨) એક સ્વાદ (૨)
(૧૩) એક નદી (૩)
(૧૫) પંજાનો નખ (૩)
(૧૭) નામની આગળ માનાર્થે લખાતો શબ્દ (૧)
(૨૦) દેવુ, ઋણ (૩)
(૨૨) ....માં સાગર (૩)
(૨૪) કીર્તિ, નામના (૩)
(૨૫) .....જણાવવાનુ કે (૨)
(૨૬) બોલી(અવળુ) (૨)
(૨૮) મિજાજ, અહંકાર (૨)
(૨૯) અર્ધાનુ અર્ધુ (૧)
(૩૦) અથવા (૧)
(૩૧) થોડા વાળની સેર (૨)

ઉભી ચાવી :
(૧) હથેળી (૪)
(૨) મનોરંજન (૫)
(૩) પ્રેક્ટિસ (૪)
(૪) પારસીઓનુ બેસતુ વર્ષ (૪)
(૫) જીવ, જાન (૨)
(૧૨) મુંબઈનો એક પરા વિસ્તાર (૨)
(૧૪) એક રાશિ (૩)
(૧૬) અકસ્માત
(૧૩) એક નદી (૩)
(૧૫) પંજાનો નખ (૩)
(૧૭) નામની આગળ માનાર્થે
(૧૯) શું તમારો...છે? (૩)
(૨૦) દયાજનક, શોકકારક (૩)
(૨૧) માનવી, વ્યકિત (૨)
(૨૩) પહોર પહોરને અંતરે ઘડિયાળમાં વગાડવામાં આવે છે તે (૩)
(૨૭) એક કઠોળ (૨)

શબ્દ સંજોગ-૨૨૭૮ જવાબ

આડી ચાવી: (૧) અશ્વિની કુમાર (૬) શાહ (૮) રળતર (૯) લવાદ (૧૧) બનારસ (૧૪) સમ (૧૫) રંજ (૧૬) ભવ્ય (૧૭) આંગી (૧૯) બારસાખ (૨૧) લાગ (૨૨) રકમ (૨૪) જગત (૨૫) થડ (૨૬) સાગરીત (૨૮) કદાચ (૨૯) મતા. **ઉભી ચાવી:** (૧) અરીલ (૨) નીરદ (૩) કુળ (૪) માત (૫) રરબ(૨બ૨) (૭) હરસ (૧૦) વાયવ્ય (૧૨) નારંગી (૧૩) રજ (૧૪) સવાર (૧૬) ભગીરથ (૧૭) આંખ (૧૮) જગતપિતા (૧૯) બામ (૨૦) સારંગ (૨૧) લાગ (૨૩) કડક (૨૪) જત (૨૬) સાચ (૨૭) રીત.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૦	૧૯૯૦
ઘઉં લોકવન	૫૫૨	૬૦૦
ઘઉં ટુકડા	૫૫૫	૬૭૨
જુવાર સફેદ	૧૩૧૦	૧૫૦૦
જુવાર લાલ	૧૨૯૫	૧૩૯૦
બાજરી	૩૮૦	૪૬૬
તુવેર	૧૪૮૦	૨૦૨૨
ચણા પીળા	૧૨૧૦	૧૫૨૭
ચણા સફેદ	૧૫૫૦	૨૪૩૧
અડદ	૧૪૬૦	૨૧૧૨
મગ	૧૩૫૦	૧૮૧૮
વાલ દેશી	૩૯૦	૧૬૦૦
ચોળી	૧૨૧૫	૨૩૮૦
વટાણા	૭૦૧	૧૧૦૦
રાજમા	૧૭૦૦	૨૦૭૮
સીંગદાણા	૧૬૦૦	૧૯૩૦
મગફળી જાડી	૧૧૧૧	૧૬૦૯
મગફળી જીણી	૧૧૪૧	૧૬૬૦
તલી	૨૨૮૦	૩૨૬૯
સુરજમુખી	૧૫૭૬	૧૫૭૬
એરંડા	૧૨૪૦	૧૫૦૧
અજમો	૨૧૫૦	૨૫૫૦
સુવા	૧૫૦૦	૧૬૦૦
સોયાબીન	૧૧૨૦	૧૨૯૨
સીંગફાડા	૧૪૫૦	૧૮૨૦
કાળા તલ	૨૫૦૦	૪૩૦૦
લસણ	૧૧૨૫	૨૪૦૦
ધાણા	૨૭૫૦	૩૦૦૦
મરચા સુકા	૨૩૦૦	૩૦૦૦
ધાણી	૨૮૦૦	૩૧૦૦
જીરૂ	૪૫૦૦	૫૧૯૦
રાય	૧૫૦૦	૧૬૫૦
મેથી	૯૬૦	૧૭૬૦
અશેરીયો	૧૪૨૫	૧૪૫૧
કલોંજી	૪૪૦૦	૫૦૭૫
રાયડો	૧૧૬૦	૧૬૬૦
રજકાનું બી	૬૫૦૦	૯૫૬૦
ગુવારનું બી	૧૪૦૦	૧૫૦૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૫૭૯	૩૫૮૨
પપૈયા	૧૧૨	૨૭૩
બટેટા	૮૬	૨૯૯
ડુંગળી સુકી	૩૨૧	૭૯૧
ટમેટા	૩૧૨	૫૮૪
સૂરણ	૪૭૯	૬૮૮
કોથમરી	૪૨૬	૭૯૬
મૂળા	૧૭૭	૩૬૯
રીંગણા	૩૦૭	૫૯૪
કોબીજ	૭૮	૧૨૧
ફલાવર	૨૧૪	૩૫૯
ભીંડો	૫૭૨	૭૯૪
ગુવાર	૯૨૭	૧૭૭૮
ચોળાસીંગ	૬૧૩	૮૨૭
વાલોળ	૮૦૭	૧૦૨૩
ટીંડોળા	૩૩૭	૭૯૫

દુધી	૧૧૨	૨૦૯
કારેલા	૨૧૮	૪૦૨
સરગવો	૭૪૧	૧૪૫૪
તુરીયા	૪૮૪	૬૩૮
પરવર	૪૩૧	૬૨૭
કાકડી	૩૧૧	૭૯૬
ગાજર	૨૮૩	૪૭૭
વટાણા	૧૯૫૮	૨૯૭૨
તુવેરસીંગ	૫૧૧	૭૨૫
કંટોળા	૧૦૩૬	૧૨૭૨
ગલકા	૩૧૫	૫૨૯
બીટ	૩૪૮	૫૫૬
મેથી	૮૧૮	૧૨૭૬
વાલ	૭૭૯	૧૨૧૮
ડુંગળી લીલી	૨૮૬	૪૯૦
આદુ	૧૪૪૬	૩૦૨૯
મરચા લીલા	૧૮૫	૫૭૬
હળદર લીલી	૫૨૭	૭૮૪
લસણ લીલું	૨૦૭૪	૩૨૧૪
મગફળી લીલી	૫૫૪	૮૪૪
મકાઇ લીલી	૧૫૨	૨૮૨

ગોંડલ

કપાસ	૧૧૦૧	૧૯૫૬
ઘઉં લોકવન	૫૪૦	૫૬૦
ઘઉં ટુકડા	૫૧૪	૬૨૨
સિંગદાણા જાડા	૧૬૫૦	૧૮૮૧
સિંગ ફાડીયા	૯૨૬	૧૮૯૧
એરંડા / એરંડી	૧૩૫૧	૧૫૭૧
જીરૂ	૨૬૦૧	૫૧૭૧
વરીયાળી	૧૬૦૧	૧૬૦૧
ધાણા	૨૮૦૧	૩૨૦૧
ડુંગળી લાલ	૧૨૧	૮૫૧
અડદ	૧૨૦૦	૨૦૪૧
તુવેર	૧૩૦૧	૨૦૪૧
રાયડો	૧૨૯૧	૧૩૨૧
રાય	૧૭૯૧	૧૭૯૧
મેથી	૧૦૨૬	૧૫૭૬
સુવાદાણા	૧૬૦૧	૧૬૦૧
કાંગ	૭૧૧	૭૮૧
ધાણી	૨૯૭૬	૩૨૦૧
બાજરો	૪૦૧	૪૮૧
જુવાર	૫૭૧	૧૫૮૧
મકાઇ	૪૭૧	૫૨૧
મગ	૧૩૬૧	૧૮૮૧
વાલ	૩૦૦	૧૨૫૧
ચોળા / ચોળી	૧૧૦૧	૨૧૧૧
ગોગળી	૭૦૦	૧૪૪૧
વટાણા	૩૫૧	૮૩૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૦૦	૫૦૦
મરચા	૧૦૦	૧૦૦૦
ગુવાર	૨૦૦	૧૯૦૦
કોબી	૬૦	૧૬૦
દુધી	૧૦૦	૪૦૦
ફલાવર	૩૦	૪૦૦
કાકડી	૨૦૦	૧૦૦૦

રીંગણા	૧૦૦	૬૦૦
ભીંડો	૨૦૦	૧૨૦૦
ગલકા	૧૮૦	૬૦૦
ગાજર	૨૦૦	૬૦૦
ટિંડોરા	૨૦૦	૮૦૦
વાલ	૧૮૦	૧૫૦૦
વટાણા	૨૪૦૦	૩૦૦૦
શક્કરીયા	૨૦૦	૮૦૦
કેરી કાચી	૨૦૦૦	૩૦૦૦
બટેટા	૧૫૦	૨૭૦
લીલી હળદર	૭૦૦	૮૦૦
ડુંગળી પુરા	૧૦	૧૨
તાંજરીયા પુરા	૪	૫
કોથમીર પુરા	૨	૭
મૂળા પુરા	૨	૫
ફોદીનો પુરા	૫	૬
પચકારુ	૨૦૦	૩૦૦
ચૂરણ	૨૦૦	૮૦૦
પરવર	૨૦૦	૭૦૦
ગુંદા	૨૦૦	૧૦૦૦
ઘીસોડા	૧૮૦	૮૦૦
લીંબુ	૨૦૦	૨૪૦૦
મેથી પુરા	૫	૧૫
બીટ પુરા	૫	૧૦
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૮૦	૧૦૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોર	૨૦૦	૧૪૦૦
મગફળી લીલી	૭૦૦	૯૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૧૮૦	૧૬૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૧૭
પાલક પુરા	૩	૭

અમરેલી

શિંગ ગીરનાર	૧૦૫૦	૧૫૧૦
શિંગ મોટી	૧૧૦૦	૧૫૪૫
શિંગદાણા ફાડા	૧૩૨૫	૧૬૧૦
તલ સફેદ	૧૬૭૦	૩૫૨૦
તલ કાળા	૨૨૯૦	૪૧૭૦
તલ કાશમીરી	૨૨૫૦	૨૭૪૦
ઘઉં ટુકડા	૪૫૦	૭૪૦
ઘઉં લોકવન	૪૯૫	૫૬૦
મકાઈ	૪૭૧	૫૨૧
મગ	૧૦૦૬	૨૦૦૦
ચણા	૯૦૦	૧૫૩૦
સફેદ ચણા	૧૪૨૦	૧૪૨૦
તુવેર	૧૩૮૦	૨૦૧૫
કપાસ	૧૨૩૦	૨૦૫૦
એરંડા	૧૦૦૦	૧૫૧૦
જીરૂ	૪૫૧૦	૪૭૨૫
ધાણી	૨૮૩૦	૩૦૬૦
અજમા	૨૦૦૦	૩૮૪૦
સોયાબીન	૧૨૧૫	૧૨૮૫
રજકાનુ બી	૭૦૦૦	૧૦૫૫૦
કલોજી	૩૮૫૦	૪૯૩૦

ઈસબગુલ	૨૦૦૦	૨૦૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૬૦	૨૮૦
રીંગણા	૪૫૦	૭૨૦
ફ્લાવર	૨૨૦	૩૩૦
કોબીજ	૧૫૦	૨૫૦
શક્કરીયા	૮૫૦	૯૫૦
ટમેટા	૪૦૦	૫૦૦
સુરણ	૯૩૦	૧૦૩૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૧૯૦	૩૦૦
કારેલા	૫૨૦	૬૩૦
ગલકા	૩૦૦	૪૨૦
મૂળા	૧૩૦	૨૦૦
કાકડી	૩૦૦	૬૦૦
ગુવાર	૧૦૫૦	૧૪૦૦
વાલોળ	૯૩૦	૧૦૩૦
વટાણા	૨૬૦૦	૨૮૦૦
ચોળા લીલા	૮૦૦	૯૦૦
તુરીયા	૭૦૦	૮૦૦
વાલ	૯૫૦	૧૦૫૦
ભીંડો	૭૨૦	૮૦૦
આદુ	૧૨૦૦	૧૩૦૦
કોથમીર	૩૦૦	૬૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફોદીનો	૧૦૦૦	૧૨૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૬૫૦	૭૦૦
સરગવો	૧૨૫૦	૧૪૫૦
લીમડો મીઠો	૧૫૦	૧૯૦
મરચાં લીલાં	૫૩૦	૮૦૦
મરચાં લાલ	૩૫૦	૭૦૦
ડુંગળી લીલી	૩૧૦	૪૧૦
ડુંગળી સુકી	૬૦૦	૮૦૦
લસણ લીલું	૨૦૦૦	૨૫૦૦
લસણ સુકું	૧૭૦૦	૨૩૦૦
પાલક	૭૦૦	૮૦૦
લીંબુ	૨૦૫૦	૩૦૬૦
મકાઈ	૨૩૦	૩૫૦
શીંગ ઓળા	૮૦૦	૯૦૦

ધારી

કપાસ	૧૮૨૫	૨૦૦૧
મગફળી	૧૨૫૦	૧૪૫૪
ઘઉં	૪૮૦	૪૮૦
તલ	૨૬૦૦	૨૬૦૦
અડદ	૧૪૦૧	૧૮૭૬

બગસરા

કપાસ	૧૮૦૦	૨૦૩૨
ઘઉં લોકવન	૫૧૩	૫૫૧
ઘઉં ટુકડા	૫૩૦	૫૮૭
અડદ	૧૫૮૫	૧૮૭૫
મગફળી	૧૨૦૦	૧૨૭૫
ચણા	૧૨૫૨	૧૪૮૫
સફેદ ચણા	૧૧૩૫	૧૧૩૫
બાજરો	૪૦૧	૪૦૧
સોયાબીન	૧૧૦૦	૧૨૯૮

તલ કાળા	૨૪૯૫	૩૪૦૦
લસણ	૮૦૦	૮૦૦
તલ સફેદ	૨૯૦૦	૨૯૦૦

બાબરા

કપાસ	૧૭૨૧	૨૦૬૦
કપાસ મીડીયમ	૧૬૬૦	૧૭૦૦
મગફળી	૧૪૪૦	૧૫૦૧
જીરૂ	૪૩૨૦	૫૦૦૦
ઘઉં	૫૧૩	૫૭૬
મગ	૧૩૨૫	૧૪૨૫
અડદ	૧૭૩૦	૧૯૦૦
સોયાબીન	૧૨૯૦	૧૩૬૦
તલ કાળા	૨૮૬૦	૩૫૪૦

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૨૦૫૧
ઘઉં	૪૮૦	૫૨૫
મગ	૧૭૯૧	૧૭૮૧
ચણા	૧૦૦૧	૧૪૧૧
અડદ	૧૦૦૧	૧૮૭૬
તુવેર	૧૦૦૧	૧૯૧૬
મગફળી	૭૦૧	૧૫૫૧
શીંગફાડા	૧૫૦૧	૧૭૦૧
તલ સફેદ	૧૫૦૧	૩૨૪૬
તલ કાળા	૨૦૦૧	૩૭૪૬
જીરૂ	૪૯૦૧	૪૯૦૧
ધાણા	૩૦૨૧	૩૦૨૧
લસણ	૮૯૬	૧૧૧૧
સોયાબીન	૧૦૦૧	૧૩૧૬

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૪૯૨
શીંગ દૂધ	૧૪૦૦	૨૧૦૦
શીંગ ૩૯	૧૦૫૦	૧૫૩૭
એરંડા	૧૫૫૦	૧૫૫૦
જુવાર	૬૭૦	૯૧૭
બાજરી	૪૫૮	૫૪૭
ઘઉં ટુકડા	૫૧૧	૬૧૩
મકાઈ	૫૧૮	૫૧૮
અડદ	૯૦૦	૨૩૨૫
મગ	૬૦૦	૧૫૭૦
ચણા	૭૮૦	૧૬૦૦
તલ સફેદ	૧૫૧૫	૩૩૯૬
તલ કાળા	૧૭૦૦	૪૦૨૪
તુવેર	૧૩૫૧	૧૯૫૦
ડુંગળી લાલ	૮૦	૭૪૨
ડુંગળી સફેદ	૨૧૦	૬૨૮
કપાસ શંકર	૧૫૦૦	૧૯૧૯
નાળીયેર	૮૦૦	૨૯૪૫

કોડીનાર

મગફળી નવી	૧૨૭૫	૧૫૫૧
બાજરી હાઇબ્રીડ	૪૦૦	૫૩૮
ઘઉં	૪૮૦	૬૦૪
અડદ	૧૪૦૦	૧૯૫૨
મગ	૧૫૦૦	૧૭૪૦
ચણા	૧૨૫૦	૧૪૯૬
સફેદ તલ	૨૨૦૦	૨૭૧૦

કાળા તલ	૨૫૦૦	૪૧૮૪
સોયાબીન	૧૦૧૪	૧૩૦૫
કપાસ	૧૭૫૦	૨૦૦
ડાંગર	૧૦૦૦	૧૦૫૦
રજકા	૭૦૦૦	૯૧૭૫

ખાંભા

કપાસ	૧૯૦૨	૨૦૦૧
મગફળી	૧૨૩૬	૧૩૩૦
અડદ	૧૬૨૬	૧૬૨૬
બાજરો	૪૩૫	૪૩૫

જામનગર

બાજરી	૪૧૫	૪૬૪
ઘઉં	૫૦૩	૫૭૮
અડદ	૧૮૦૦	૧૮૫૫

ભરૂચના નબીપુર-ઝનોર માર્ગ પર એક્ટિવા-બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત

ભરૂચ, તા.૧૨



ભરૂચના નબીપુર-ઝનોર માર્ગ પર એક્ટિવા અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે પુરુષ અને એક મહિલાના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, મોડી સાંજે બંને વાહનો વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. બાઈકની ઝડપ વધુ હોવાની ચર્ચા છે, જોકે અકસ્માતનું ચોક્કસ કારણ હજી જાણી શકાયું નથી.ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળાં સ્થળ પર એકત્ર થયા હતા. પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડાયો હતો અને મૃતદેહોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત અંગે તપાસ હાથ ધરી છે. તપાસ પૂર્ણ થયા બાદ અકસ્માતનું ચોક્કસ કારણ અને વાહનચાલકોની ભૂમિકા અંગે વધુ વિગતો સામે આવી શકે છે.

ગાંધીનગરમાં નવા ફ્લેટ મળ્યા છતાં ૪૦થી વધુ ધારાસભ્યોએ જૂના આવાસ ખાલી ન કર્યા હોવાની ચર્ચા

ગાંધીનગર, તા.૧૨



ગાંધીનગરમાં ધારાસભ્યો માટે રૂ. ૨૨૦ કરોડના ખર્ચે નવા લક્ઝુરિયસ ફ્લેટ તૈયાર કરાયા હોવા છતાં ૪૦થી વધુ ધારાસભ્યોએ જૂનાં સરકારી આવાસ ખાલી ન કર્યાનો અહેવાલ સામે આવ્યો છે. આ યાદીમાં ચાર મંત્રી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીનું નામ પણ સામેલ છે. નવા ફ્લેટમાં બેડરૂમ, કિચન, ઓફિસ, એસી, ફ્રિજ સહિતની આધુનિક સુવિધાઓ આપવામાં આવી છે. અહેવાલમાં શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, વનમંત્રી પ્રવિણ માળી, કાંતિ અમૃતિયા અને સ્વરૂપજી ઠાકોરના નામનો પણ ઉલ્લેખ કરાયો છે. કોંગ્રેસના અમિત ચાવડા, શૈલેષ પરમાર, જિગ્નેશ મેવાણી તેમજ આમ આદમી પાર્ટીના ચૈતર વસાવા સહિતના ધારાસભ્યોના નામ પણ દર્શાવાયા છે. જૂનાં આવાસ ખાલી કરવા નોટિસ અપાઈ હોવા છતાં ક્વાર્ટર્સ ખાલી ન કરાયાનો દાવો છે. સરકારી કર્મચારીઓની પ્રતીક્ષા યાદી હોવાથી આવાસ ખાલી કરાવવાની માંગ ઉઠી છે. જોકે, આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે.

અમદાવાદમાં વેપારીને બોલાવી કારમાં ઉઠાવી ગયા, ૧૪ લાખની માંગ સાથે ઢોર માર માર્યો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં કાપડ પ્રિન્ટિંગના વેપારી સાજિદ સોજતવાલાને ૧૪ લાખની માંગ સાથે આઠ શખસોએ કારમાં ઉઠાવી માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે. ૯ ઓક્ટોબરની રાત્રે બેસણામાં જતા વેપારીને જમાલપુરમાં બોલાવી ગાડીમાં બેસાડી ગોળલીમડાની ટાઈગર પોઈન્ટ લઈ જવાયા હતા. અહીં અલ્માસ શેખે સિલાઈના ૧૪ લાખ ચૂકવવા ધમકી આપી હતી. વેપારીએ માત્ર ૨૭ હજાર આપવાના હોવાનું કહેતા બેઝબોલના દંડાથી માર માર્યો હતો.

અન્ય શખસે તલવારથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. મનીષ મુંજાણીએ પણ ધમકી આપી હતી. વેપારીના ભાઈઓ અસ્ફાક અને મોહશીન પહોંચતા આરોપીઓ ભાગી ગયા હતા. ગાયકવાડ હવેલી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કઠલાલ તાલુકાના કઠાણા ગામે વીજ કરંટ લાગતાં બે લોકોના મોત, એક ઈજાગ્રસ્ત

ખેડા, તા.૧૨



ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના કઠાણા ગામે ખેતરમાં પાણીની કુંડી સાફ કરતી વખતે વીજ કરંટ લાગતાં બે લોકોના મોત નિપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે. મળતી માહિતી મુજબ, ખેતરમાં આવેલી પાણીની કુંડી સાફ કરવા માટે લાંબો સળિયો નાખવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન સળિયો ઉપરથી પસાર થતી વીજલાઈનને અડી જતાં ત્રણેય લોકોને જોરદાર કરંટ લાગ્યો હતો. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ઈજાગ્રસ્તને તાત્કાલિક કઠલાલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં કઠલાલ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કઠલાલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાથી મૃતકોના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.

ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ નિરજા ગુપ્તા સામે જાહેર જનતા પાસેથી ફરિયાદો મંગાવાઈ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નિરજા ગુપ્તા સામે ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિના આરોપોની તપાસ વચ્ચે હવે જાહેર જનતા પાસેથી ફરિયાદો મંગાવાઈ છે. યુનિવર્સિટીની વેબસાઈટ પર જાહેર નોટિસ મુકવામાં આવી છે. નિવૃત્ત જજની અધ્યક્ષતામાં સત્ય શોધક સમિતિ દ્વારા ૧ જુલાઈ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૬ સુધીના કાર્યકાળમાં થયેલા ખર્ચ, નિમણૂંકો અને પ્રોજેક્ટોની તપાસ કરવામાં આવી રહી છે. ઈન્ચાર્જ કુલપતિના આદેશથી જાહેર જનતાને રજૂઆત કરવાની તક અપાઈ છે. ફરિયાદ કરનાર વ્યક્તિ, સંસ્થા કે સંગઠને લેખિત અરજી સાથે આધારકાર્ડની નકલ જોડવાની રહેશે. આ દસ્તાવેજો ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ બિલ્ડિંગ ખાતે ૩૦ ઓક્ટોબર સુધી રૂબરૂમાં જમા કરાવવાના રહેશે. તપાસ પૂર્ણ થયા બાદ આરોપોની હકીકત સ્પષ્ટ થશે.

વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સામે ગણતરીના કલાકોમાં બીજી ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૨



કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સામે ગણતરીના કલાકોમાં બીજી પોલીસ ફરિયાદ નોંધાતા રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં મેવાણી અને અન્ય લોકો સામે ગુનો નોંધાયો છે. ચૂંટણી પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ મોડી રાત્રે જાહેર પ્રચાર કરવા અને આચારસંહિતાના ભંગના મુદ્દે કાર્યવાહી થઈ હોવાનું કહેવાય છે.ફરિયાદ મુજબ, સેક્ટર-૧૩ પોલીસ ચોકીમાં અરજીની તપાસ દરમિયાન મેવાણી સમર્થકો સાથે પહોંચ્યા હતા. પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ, ગેરકાયદે મંડળી રચવી, હલ્લાબોલ કરવો અને પોલીસ અધિકારીઓ સામે અપમાનજનક શબ્દો વાપરવાના આરોપ લગાવાયા છે. ઘટનાનો વિડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ તપાસ હાથ ધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારે પેથાપુર પોલીસ મથકમાં જિજ્ઞેશ મેવાણી સહિત ૨૦ લોકો સામે પણ પોલીસની ફરજમાં રૂકાવટ, જાહેરનામાના ભંગ અને અન્ય આરોપો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

સુરતમાં 'સર'ના વિરોધમાં કોંગ્રેસ રેલી કાઢે તે પહેલા જ પોલીસે કોંગ્રેસના તમામ કાર્યકરોની અટકાયત કરી

સુરત, તા.૧૨



સુરતમાં મતદાર યાદીમાં ગેરરીતિ અને મતદારો સાથે અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે ઈન્ડિયા ગઠબંધન દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેર કોંગ્રેસના નેતૃત્વમાં વનિતા વિશ્રામ ગ્રાઉન્ડથી કલેક્ટર કચેરી સુધી રેલી કાઢવાની તૈયારી કરાઈ હતી. જોકે, પોલીસની પરવાનગી ન હોવાથી રેલી આગળ વધે તે પહેલાં જ પોલીસે કોંગ્રેસના તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે એકત્રિત થયા હતા. અહીંથી અઠવાગેટ અને એમ. ટી.બી. કોલેજ થઈ કલેક્ટર કચેરી સુધી રેલી યોજવાનું આયોજન હતું. ચૂંટણી પંચની એસઆઈઆર પ્રક્રિયાના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર આપવાની પણ તૈયારી હતી. જોકે, પરવાનગીના અભાવે પોલીસે દરમિયાનગીરી કરી હતી. આ કાર્યવાહીથી સ્થળ પર રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. હવે કોંગ્રેસ આ મુદ્દે આગળ શું પગલાં લે છે તેના પર સૌની નજર રહેશે.

ઉનાના ગરાળ ગામે RSSનું પથ સંચાલન અને શસ્ત્ર પૂજન યોજાયું

ઉના,તા.૧૨



ઉનાના ગરાળ ગામે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા ૧૦૦ વર્ષમાં પહેલીવાર ધ્વજ સાથે પથ સંચાલન અને શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. પથ સંચાલન ગરાળ પ્રાથમિક શાળાના મેદાનથી શરૂ થયું હતું. સ્વયંસેવકો શિસ્ત સાથે ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થયા હતા. ગ્રામજનોએ રસ્તાઓ પર રંગોળી સજાવી ફૂલો વરસાવી સ્વાગત કર્યું હતું. ઉના તાલુકાના સંઘના પદાધિકારીઓ, કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. શાળાના મેદાનમાં પરત ફર્યા બાદ શસ્ત્ર પૂજન યોજાયું હતું. અંતે ગ્રામજનોએ નાસ્તાની વ્યવસ્થા કરી હતી.

ઉનામાં જંગલી મધમાખીઓની ફરિયાદ ઉઠતા ધારાસભ્યએ તંત્રને સૂચના આપી

ઉના,તા.૧૨



ઉના શહેરમાં જુના ગેરેજ પાસે આવેલા ખોડલધામ ખાતે જંગલી મધમાખીઓના ઝુંડથી રાહદારીઓને ડંખ મારવાની ફરિયાદો ઉઠી હતી. ટ્રસ્ટીઓ અને સ્થાનિકોની રજૂઆત મળતા જ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. નવરાત્રી દરમિયાન દર્શનાર્થે આવતા શ્રધ્ધાળુઓ અને સ્થાનિકોને મુશ્કેલી ન પડે તે માટે નગરપાલિકાના સ્ટાફ તથા ફાયર ફાઈટરની મદદથી સ્થળ પર દવાનો છંટકાવ કરાવી મધમાખીઓના ઝુંડને દૂર કરવાની કામગીરી કરાવી હતી.

કોડીનારમાં ગ્રામ હાટનો શુભારંભ, ગ્રામ્ય બહેનોને મળશે રોજગારીની નવી તક

કોડીનાર,તા.૧૨



કોડીનાર ખાતે ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના સહયોગથી આયોજીત ગ્રામ હાટના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શુભારંભ કરાયો હતો. આ પહેલથી ગ્રામ્ય વિસ્તારની બહેનોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર મળશે. ભાજપ સરકારનો હેતુ માત્ર માળખાકીય સુવિધા ઉભી કરવાનો નહીં, પરંતુ રોજગારી અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે. સ્વસહાય જૂથોની બહેનો પોતાની મહેનત અને આવડતથી પરિવારની આર્થિક પ્રગતિમાં યોગદાન આપી શકશે.

ઉનાના સામતેર ગામે ખેડૂતે કોઠીબાના વાવેતર દ્વારા અનોખી પહેલ

ગીર સોમનાથ,તા.૧૨



ગીર સોમનાથના સામતેર ગામના ખેડૂત ભીમભાઈ ગોહીલે પાંચ વીઘા જમીનમાં લીલા કોઠીબાની ખેતી કરી છે. તેમણે આ દેશી ફળનું ઉત્પાદન કરીને બજારમાં સીધું વેચાણ શરૂ કર્યું છે, જેની ખૂબ માંગ છે. બજારમાં લીલા કોઠીબાની આવક ઓછી હોય છે, પણ ભીમભાઈના પ્રયોગથી લોકોને શુધ્ધ કોઠીબા સરળતાથી મળે છે. ગ્રાહકો તેને ખરીદી ઘરે નાના ટુકડા કરી સૂકવીને 'કોઠીબાની કાચરી' બનાવે છે. આ કાચરી આખું વર્ષ બગડતી નથી અને લોકો તેને તળીને કે મસાલા સાથે આરોગે છે. આયુર્વેદ નિષ્ણાતો મુજબ, કોઠીબા ફાઈબર, વિટામિન-સી અને એન્ટી-ઓક્સિડન્ટ્સથી ભરપૂર છે. તે પાચન સુધારે છે, બ્લડ સુગર સંતુલિત રાખે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ભીમભાઈના પુત્ર સંજયભાઈએ જણાવ્યું કે નફો ઓછો હોવા છતાં, લોકોને આરોગ્ય અને નવી પેઢીને કોઠીમડાની કાચરી યાદ રહે તે માટે આ પ્રયોગ કર્યો છે.

નામ બદલાવેલ છે

આથી અમો હિતેશ કરસનદાસ રાજપુરા અને સ્મિતાબેન હિતેશ રાજપુરા, અમારી સગીર પુત્રી તનુશ્રી હિતેશભાઈ રાજપુરાના માતાપિતા, જાહેર કરીએ છીએ કે અમારી પુત્રીનું અગાઉનું નામ તનુશ્રી હિતેશ રાજપુરા હતું. અમે તેનું નામ બદલીને તનુશ્રી હિતેશભાઈ રાજપુરા કરેલ છે, જે હવેથી નવા નામથી ઓળખાશે તેની સર્વે એ નોંધ લેવી.
હિતેશ કરસનદાસ રાજપુરા સ્મિતાબેન હિતેશ રાજપુરા
ગુરુપ્રસાદ ગાંધી સોસાયટી, રોડ સાવરકુંડલા,
જિ. અમરેલી (ગુજ.) ૩૬૪૫૧૫

ઉનામાં મછુન્દ્રી નદી પરનો ૬૦ વર્ષ જૂનો પુલ જર્જરિત હાલતમાં

બેરીકેટ તૂટતાં ભારે વાહનોની અવરજવર ફરી શરૂ થતાં અકસ્માતનો ભય

ઉના,તા.૧૨



ઉના શહેરમાંથી પસાર થતી મછુન્દ્રી નદી પર આવેલો આશરે ૬૦ વર્ષ જૂનો પુલ હાલ અત્યંત ભયજનક અને જર્જરિત હાલતમાં છે. જિલ્લા કલેક્ટર દ્વારા આ પુલ પરથી ભારે વાહનોની અવરજવર પર મનાઈ હુકમ ફરમાવીને બંને તરફ બેરીકેટ મૂકાવ્યા હતા. જોકે, હાલમાં આ બેરીકેટ તૂટી જતાં ફરી એકવાર જોખમી રીતે ભારે વાહનો તેમજ સ્કૂલ બસો આ પુલ પરથી પસાર થઈ રહી છે, જેના કારણે ગંભીર દુર્ઘટના સર્જાવાનો ભય ઊભો થયો છે. આ પુલ ઉના-ભાવનગર હાઈવેને જોડતો હોવાથી તેમજ પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્વનો માર્ગ હોવાથી અહીં સતત વાહનવ્યવહાર રહે છે. અગાઉ પણ ઉનાના વેપારી સંગઠનો અને સ્થાનિક ધારાસભ્ય દ્વારા પુલના તાત્કાલિક સમારકામ અથવા તો નવા પુલના નિર્માણ માટે તંત્રને અનેક રજૂઆતો કરવામાં આવી હતી. કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

વિપક્ષી નેતા રાહુલ ગાંધી સહિત ૧૧ વિપક્ષી નેતાઓની 'એસઆઈઆર' સામે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી

નવી દિલ્હી, તા.૧૨



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ૧૧ વિપક્ષી નેતાઓએ મતદાર યાદીના ખાસ ઊંડાણપૂર્વકના સુધારા (એસઆઈઆર) સામે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી છે. અરજીમાં મતદાર યાદીમાંથી મોટા પાયે નામો કાપવા અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓના આક્ષેપો કરવામાં આવ્યા છે. વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની પણ માંગ કરી છે. અરજીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોય, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિતના ૧૧ નેતાઓનાં નામ સામેલ છે. આ ઉપરાંત સંજય રાઉત, એમ.એ. બેબી, ડી. રાજા, મહુઆ માજી, સુપ્રિયા સુલે અને ઈ.ટી. મોહમ્મદ બશીરનો પણ સમાવેશ થાય છે. રાહુલ ગાંધી અને ખડગેએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સમક્ષ મુલાકાતની વિનંતી કરી હતી, પરંતુ મામલો અદાલતમાં વિચારાધીન હોવાથી તેમને ન્યાયિક પ્રક્રિયા હેઠળ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે અરજીમાં રહેલી ટેકનિકલ ખામીઓ દૂર કરીને તેને સુનાવણી માટે રજૂ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે.

ઉત્તર કોરિયાએ એક પછી એક બેલિસ્ટિક મિસાઈલો છોડતાં દક્ષિણ કોરિયા અને જાપાનમાં ચિંતાનું મોજું

સિઓલ, તા.૧૨



ઉત્તર કોરિયાએ તેના પૂર્વીય સમુદ્ર તરફ એક પછી એક અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડતાં દક્ષિણ કોરિયા અને જાપાનમાં ચિંતા ફેલાઈ છે. દક્ષિણ કોરિયાના સંયુક્ત ચીફ્સ ઓફ સ્ટાફના જણાવ્યા અનુસાર, મિસાઈલો રાજધાની પ્યોંગયાંગ નજીકના વિસ્તારમાંથી છોડવામાં આવી હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલયે ઓછામાં ઓછી બે મિસાઈલો શોધી હતી. દક્ષિણ કોરિયાએ તાજેતરમાં પોતાની પ્રથમ સ્વદેશી હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ અવાજની ગતિ કરતાં પાંચ ગણી વધુ ઝડપે ઉડવા સક્ષમ હોવાનું જણાવાયું છે. તેના થોડા દિવસો બાદ ઉત્તર કોરિયાનું આ પ્રક્ષેપણ થયું છે. ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રો વહન કરી શકે તેવી મિસાઈલ પ્રણાલીઓ સહિત પોતાની સૈન્ય ક્ષમતાઓ વધારવા માટે સતત પરીક્ષણો કરી રહ્યું છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને દક્ષિણ કોરિયા સાથેના રાજદ્વારી સંબંધો સ્થગિત કર્યા છે અને તેને કાયમી દુશ્મન ગણાવ્યું છે. ગયા મહિનાની શરૂઆતમાં પણ ઉત્તર કોરિયાએ ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું, જે આશરે ૪૫૦ કિલોમીટર સુધી ગઈ હતી.

અમદાવાદની પેઢીમાંથી રૂ. ૪૫.૨૯ લાખની ચોરી કરનાર બે સગા ભાઈઓ આગ્રાથી ઝડપાયા

અમદાવાદ, તા.૧૨

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન સામે આવેલી કે. મંગીલાલ પાર્સલ સર્વિસમાંથી રૂ. ૪૫.૨૯ લાખની રોકડ ચોરીના કેસમાં પેઢીના બે કર્મચારી સગા ભાઈઓની ઉત્તર પ્રદેશના આગ્રા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી છે. ગત ૭ સપ્ટેમ્બરે લોઢાવાળા ચેમ્બર્સની દુકાન નં. ૫ અને ૯માં ચોરીની ઘટના બની હતી. આ અંગે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન ઝોન-૩ એલસીબીની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે યશવીર પરમાર (ઉં.વ.૨૩) અને દલવીર પરમાર (ઉં.વ.૩૨)ને ૧૧ ઓક્ટોબરે તેમના વતન હસનપુરા ગામેથી ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧.૮૦ લાખ રોકડા અને રૂ.૧.૫૨ લાખના ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૩.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. બાકીની રકમ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દિલ્હી પોલીસ યુવાનો, પત્રકારો અને સાંસદો પર પણ હુમલા કરી રહી છે: અભિજીત દીપકે

નવી દિલ્હી, તા.૧૨



સીજેપીના કન્વીનર અભિજીત દીપકે સોમવારે મોદી સરકાર પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર દાવો કર્યો કે દિલ્હી પોલીસ યુવાનો, પત્રકારો અને સાંસદો સામે કાર્યવાહી કરી રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે જ્ઞાનેશ કુમાર મોદી સરકાર માટે આટલા મહત્ત્વપૂર્ણ કેમ છે. શનિવારે જંતરમંતર ખાતે યોજાનારા વિરોધ પ્રદર્શન પહેલાં અભિજીત દીપક સહિત સીજેપીના નેતાઓ આશુતોષ રંકા અને સૌરવ દાસને દિલ્હી એરપોર્ટ પરથી નિવારક કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. રવિવારે તેમને કોર્ટના આદેશ બાદ મુક્ત કરવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ, ત્રણેયને રૂ.૫૦ હજારના બોન્ડ અને કેટલીક શરતોને આધીન મુક્તિ આપવામાં આવી હતી. તેમને આગામી એક વર્ષ સુધી શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવાની સૂચના અપાઈ હતી. સીજેપી અને વિપક્ષી પક્ષો મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (એસઆઈઆર) માં કથિત અનિયમિતતાઓનો મુદ્દો ઉઠાવી રહ્યા છે.

દિલ્હી મેટ્રોમાં સીટમાં બેસવા બાબતે પવન શર્માની હત્યા

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના સુપ્રીમ કોર્ટ મેટ્રો સ્ટેશન પર વરિષ્ઠ નાગરિકો માટે અનામત બેઠકને લઈને થયેલી ઝપાઝપીમાં ૪૮ વર્ષીય પવન શર્માનું મોત થયું હતું. આ કેસમાં પોલીસે નોઈડાના નિવૃત્ત આઈએએસ અધિકારી સંજય પ્રતાપ સિંહ (૬૫) અને તેમના પુત્ર તથા સુપ્રીમ કોર્ટના વકીલ સિદ્ધાર્થ સિંહ (૩૬)ની ધરપકડ કરી છે.

બંનેને કોર્ટે ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૮ ઓક્ટોબરે પવન તેની માતા સાથે મુસાફરી કરી રહ્યો હતો ત્યારે બેઠકને લઈને વિવાદ થયો હતો. ઝપાઝપી દરમિયાન પવન પડી જતાં તેના માથામાં ગંભીર ઈજા થઈ હતી. હોસ્પિટલમાં તેને મૃત જાહેર કરાયો હતો. પોલીસે ઘટનાના સંજોગો અને આરોપીઓની ભૂમિકાની તપાસ હાથ ધરી છે.

કેરળ વિધાનસભામાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે સુધારા ઠરાવ પસાર કરાયો

તિરુવનંતપુરમ, તા.૧૨



કેરળ વિધાનસભામાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે રજૂ કરાયેલો ઠરાવ સુધારા સાથે પસાર કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વી.ડી. સતીસને રજૂ કરેલા આ ઠરાવમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (એસઆઈઆર) દરમિયાન કથિત અનિયમિતતાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ભાજપના ત્રણ સભ્યોએ ઠરાવનો વિરોધ કર્યો હતો. ઠરાવમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે યોગ્ય પ્રક્રિયા અને પૂર્વ સૂચના વિના પાત્ર મતદારોનાં નામ દૂર થવાથી લઘુમતીઓ, સ્થળાંતરિત કામદારો અને યુવા મતદારોના મતાધિકારને અસર થઈ શકે છે. મતદાર યાદીમાં કથિત ખામીઓ સુધારીને પાત્ર નાગરિકોના મતદાન અધિકારો પુનઃસ્થાપિત કરવાની માંગ પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. કેરળ ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે ઠરાવની ટીકા કરતાં તેને ગેરકાયદેસર ગણાવ્યો હતો.

કોંગ્રેસ પરોપજીવી પાર્ટી બની ગઈ છે, બંધારણીય સંસ્થાઓને બદનામ કરે છે: શિવરાજસિંહ ચૌહાણ

નવી દિલ્હી, તા.૧૨



કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં કહ્યું કે કોંગ્રેસ ચૂંટણીમાં હારનો દોષ બંધારણીય સંસ્થાઓ પર ઢોળે છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ હવે અન્ય પક્ષોના સહારે રાજકારણ કરતી પરોપજીવી પાર્ટી બની ગઈ છે. દિલ્હીમાં પત્રકાર પરિષદમાં તેમણે કોંગ્રેસના નેતૃત્વ અને નીતિઓની ટીકા કરી હતી. તેમણે પંજાબ અને કર્ણાટકમાં નેતૃત્વના વિવાદોનો ઉલ્લેખ કરીને કોંગ્રેસની આંતરિક સ્થિતિ પર સવાલ ઉઠાવ્યા હતા. ચૌહાણે રાહુલ ગાંધીના નિવેદનોની ટીકા કરતાં કહ્યું કે કોંગ્રેસ પાસે સ્પષ્ટ દિશા અને નીતિનો અભાવ છે. તેમણે ઉમેર્યું કે લોકશાહીમાં વિરોધ કરવાનો અધિકાર સૌને છે, પરંતુ તેના નામે સામાન્ય જનતાને મુશ્કેલીમાં મૂકવી યોગ્ય નથી. તેમણે બંધારણીય સંસ્થાઓનું સન્માન જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કોંગ્રેસ અંગેના આ નિવેદનો ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપને વધુ વેગ આપી શકે છે.

વિરાટ કોહલીના પૈસા લીધા હોવાનો આરોપ પાછો ખેંચવા તૈયાર, પ્રેમાનંદ મહારાજ સ્પષ્ટતા કરે: દિનેશ ફલાહારી

મથુરા, તા.૧૨



મથુરાના વૃંદાવનમાં સંતોએ શ્રીકૃષ્ણ જન્મભૂમિ કેસના અરજદાર દિનેશ ફલાહારીને બ્રજ રત્ન સન્માન આપ્યું હતું. વિરાટ કોહલી પર પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં પાંચ કરોડ રૂપિયા આપ્યાનો આરોપ લગાવનાર ફલહારીએ કહ્યું કે, પ્રેમાનંદ મહારાજ પોતે સ્પષ્ટતા કરે કે વિરાટે કોઈ પૈસા આપ્યા નથી, તો તેઓ તેમના પગ પાસે બેસીને માફી માંગશે. વિરાટના પ્રવક્તાએ આરોપને પાયાવિહોણો ગણાવ્યો હતો. ફલહારીએ કહ્યું કે તેમનો હેતુ કોઈ સંતનું અપમાન કરવાનો નહોતો.

બાંગ્લા સાહિબ ગુરુદ્વારામાં આપના નેતાઓએ હોબાળો મચાવતા ફરિયાદ

નવી દિલ્હી, તા.૧૨



દિલ્હીના બાંગ્લા સાહિબ ગુરુદ્વારામાં કથિત હોબાળાને લઈને દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીએ પોલીસ કમિશનરને ફરિયાદ કરી છે. ફરિયાદમાં આમ આદમી પાર્ટીના નેતાઓ, ધારાસભ્યો અને કાર્યકરોએ રાજકીય સૂત્રોચ્ચાર કરીને ગુરુદ્વારાની ધાર્મિક ગરિમાને ઠેસ પહોંચાડ્યાનો આરોપ લગાવ્યો છે.

તેમાં અરવિંદ કેજરીવાલનું નામ પણ સામેલ છે. સમિતિએ ઘટનાના વીડિયો પોલીસને સોંપીને સંડોવાયેલા લોકોની ઓળખ, પુરાવા જાળવવા અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. જોકે, આ તમામ આરોપોની પોલીસ તપાસ અને સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

ચૂંટણીમાં હાર મળે ત્યારે કોંગ્રેસ ઈવીએમ અને ચૂંટણી પંચને દોષ આપે છે : યોગી

ગોરખપુર, તા.૧૨



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનના વિરોધ પ્રદર્શનને લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ચૂંટણીમાં હાર મળે ત્યારે ઈવીએમ અને ચૂંટણી પંચને દોષ આપે છે, જ્યારે જીતનો શ્રેય પોતાને આપે છે. યોગીએ કહ્યું કે જનતા કોંગ્રેસને વારંવાર નકારી રહી છે અને પક્ષે આત્મમંથન કરવું જોઈએ. તેમણે બંધારણીય સંસ્થાઓ પર સવાલ ઉઠાવી દેશમાં અસ્થિરતા ફેલાવવાનો પણ આરોપ લગાવ્યો હતો.

ઉમરગામના દરિયામાં નહાવા પડેલાં છ બાળકો તણાયાં: એક બાળકનું મોત, પાંચનો આબાદ બચાવ

વલસાડ, તા.૧૨



વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે દરિયામાં નહાવા પડેલાં છ બાળકોમાંથી એક બાળકનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય પાંચ બાળકોને સહીસલામત બચાવી લેવામાં આવ્યાં હતાં. આ દુર્ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર, ઉમરગામમાં સુંદરવન નજીક છ બાળકો માતા-પિતાને જાણ કર્યા વિના દરિયામાં નહાવા ગયાં હતાં. આ દરમિયાન અચાનક ભરતી આવતાં તમામ બાળકો દરિયાના પાણીમાં તણાવા લાગ્યાં હતાં. ઘટનાની જાણ થતાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં પાંચ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી હતી. જોકે, એક બાળક દરિયામાં તણાઈ જતાં તેની શોધખોળ માટે ફાયર વિભાગની ટીમને બોલાવવામાં આવી હતી. ટીમે દરિયામાં શોધખોળ હાથ ધરતાં અંતે બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ દુર્ઘટનામાં એક બાળકના મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. દરિયામાં ભરતી અને પાણીના પ્રવાહને કારણે સર્જાયેલી આ ઘટનાએ દરિયાકાંઠે બાળકોની સુરક્ષા અંગે ફરી ચિંતા ઊભી કરી છે. દરિયામાં નહાવા જતી વખતે સાવચેતી રાખવી અને બાળકોને એકલાં ન જવા દેવા જરૂરી છે.

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં કટોકટી જાહેર થતા પીટીઆઈ સરકાર સામે સંકટ

ઈસ્લામાબાદ, તા.૧૨



પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કટોકટી જાહેર કરવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે. અહેવાલ મુજબ, પ્રાંતમાં આતંકવાદી ઘટનાઓ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ બંધારણની કલમ ૨૩૨(૧) અને ૨૩૪(૧) હેઠળ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) સાથે સંકળાયેલી પ્રાંતીય સરકાર પર સંકટ ઊભું થયું છે. ઘોષણામાં સરકારી સંસ્થાઓ અને સુરક્ષા દળો પરના હુમલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પ્રાંતીય સરકાર આતંકવાદને રોકવામાં નિષ્ફળ રહી હોવાનો પણ આરોપ મૂકાયો હતો. દરમિયાન, મુખ્યમંત્રી સોહેલ આફ્રિદી ઈમરાન ખાનની મુક્તિ અને યોગ્ય તબીબી સારવારની માંગ સાથે વિરોધ કૂચ કરી રહ્યા છે. સંઘીય સરકારે પ્રદર્શનકારીઓને ઈસ્લામાબાદમાં પ્રવેશવા નહીં દેવાની ચેતવણી આપી છે. બીજી તરફ, પેશાવર હાઈકોર્ટે સોહેલ આફ્રિદી સહિત ૨૮ પીટીઆઈ નેતાઓની ધરપકડ સંબંધિત અરજીઓની સુનાવણી ૨૦ ઓક્ટોબરે રાખી છે. આ ઘટનાક્રમથી પાકિસ્તાનમાં રાજકીય તણાવ વધ્યો છે.

રાજયમંત્રી કૌશિક વેકરીયા, વસંતભાઈ મોવલીયા, સંતો મહંતો સહિતના અગ્રણીઓની હાજરીમાં

અમરેલીમાં સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીનો ભવ્ય શુભારંભ

અમરેલી,તા.૧૨

અમરેલી શહેરના માણેકપરા વિસ્તારમાં એન્જલ સિનેમા સામે કિસાન મોલની ઉપર આવેલી સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીનો ભવ્ય શુભારંભ યોજાયો હતો.

વિક્રમ સંવત ૨૦૮૨, આસો સુદ એકમના શુભ દિવસે આયોજિત આ મંગલ પ્રારંભ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા હસ્તે લેબોરેટરીની સેવાઓનો પ્રારંભ કરાયો હતો. આ શુભ ઉદઘાટન પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના સંતો ઉપસ્થિત રહી નવા સોપાન બદલ આર્શીવચન પાઠવ્યા હતા. સુરેશભાઈ દેસાઈએ સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીના ઉદઘાટન પ્રસંગે શહેરના નાગરિકોનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતુ. લેબોરેટરીના સંચાલકો નિલેષભાઈ દેસાઈ, બહાદુરસિંહ રાઠોડ અને જયપાલસિંહ ખેરના જણાવ્યા અનુસાર, સ્ટેપ અપ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીમાં અનુભવી પેથોલોજિસ્ટ અને ટેકનિશિયન સ્ટાફની મદદથી અતિ આધુનિક મશીનો દ્વારા વિવિધ પ્રકારના મેડિકલ ટેસ્ટ કરી આપવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. દર્દીઓને સચોટ અને વિશ્વસનીય નિદાન મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે તેમજ ડોક્ટરો દ્વારા લખી આપવામાં આવેલા વિવિધ પ્રકારના રિપોર્ટ તૈયાર કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દર્દીઓની સુવિધા માટે રિપોર્ટ ડિજિટલ સ્વરૂપે પણ આપવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. લેબોરેટરીમાં દર્દીઓ માટે ફુલ બોડી ચેકઅપની સુવિધા સાથે મેડિક્લેમ ધરાવતા દર્દીઓ, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ અને હૃદયરોગના દર્દીઓ માટે વિશેષ પેકેજની વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરમાં પ્રથમવાર દર્દીઓને ઘરેથી જ સેમ્પલ આપવાની સુવિધા મળી રહે તે હેતુથી એક ફોન કોલ દ્વારા ડોર-ટુ-ડોર સેમ્પલ કલેક્શનની સેવા પણ શરૂ કરવામાં આવી છે.

વધુ માહિતી અને સેવાઓ અંગે જાણકારી મેળવવા માટે ૯૮૨૪૯ ૮૨૮૦૦ નંબર પર સંપર્ક કરવા સંચાલકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ ભવ્ય શુભારંભ પ્રસંગે તરવડા ગુરૂકુળથી કૃષ્ણપ્રિય દાસજી, પાણી દરવાજાથી હરિ સ્વરૂપસ્વામી, ખોડલધામ નેસડીથી લવજીબાપુ, સાંસદ ભરતભાઈ સુતરીયા, વસંતભાઈ ગજેરા, દિનેશભાઈ ભુવા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, અશ્વિનભાઈ સાવલીયા તેમજ શહેર અને જિલ્લાના ખ્યાતનામ ડોક્ટરો, આઈએમએના પ્રમુખ ડો.જી.જે. ગજેરા, ડી.કે. રૈયાણી, રમેશભાઈ કાથરોટીયા, ઉદયનભાઈ ત્રિવેદી, કેતનભાઈ ધોળકીયા સહિત શહેરના સામાજિક અને રાજકિય આગેવાનો, શ્રેષ્ઠિઓ તેમજ શહેરીજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા. તમામ લોકોએ નવા સોપાન બદલ શુભકામના પાઠવી હતી.

શહેરમાં પ્રથમવાર ૯૮૨૪૯ ૮૨૮૦૦ નંબર પર માત્ર એક ફોનથી દર્દીઓને ઘરેથી જ સેમ્પલ આપવાની સુવિધા મળી રહેશે